Wednesday 11, March 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## અતુલ-દિવેદ બ્રિજ પર ફરી સળિયા દેખાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** ત્રણ વર્ષ અગાઉ લોકાર્પણ કરાયેલો અતુલ અને દિવેદ ગામને જોડતો મહત્વનો બ્રિજ પર મોટા ગાબડા પડી લોખંડના સળિયા બહાર આવી જતા વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનું કારણ બની શકે તેમ હોય લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. વલસાડ તાલુકાના અતુલ અને દિવેદ ગામને જોડતો મહત્વ નાં બ્રિજનું લોકાર્પણ ૨૦૨૩ એટલે કે ત્રણ વર્ષ અગાઉ રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ધામધૂમથી કરવામાં આવ્યું હતું. જોકે અતુલ બ્રિજ પર માત્ર ૩૬ ડામરના પોપડા ઉખડી જતાં



કામની ગુણવત્તા પર મોટા સવાલો ઊભા થયા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, કોન્ટ્રાક્ટર, રાજકારણીઓ અધિકારીઓની મિલીભગતને કારણે હલકી કક્ષાનું મટિરિયલ વાપરવામાં આવ્યું છે. બ્રિજની હાલત ખરાબ થઈ ગઈ કે રાત્રે દરમિયાન વાહનચાલકો આ સળિયામાં ફસાઈને પટકાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

આ ભેજ પર સ્થાનિક ગ્રામજનોએ બે વખત સ્વખર્ચે રીપેરીંગ કામ કરાવ્યું હતું જે બાદ થોડા દિવસોમાં જ ફરીથી આ બ્રિજ પરના સળિયા દેખાવા માંડ્યા છે. દિવેદ અને અતુલ પંથકનાં ગામના લોકોએ આ મામલે સરકાર પાસે જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરી તેને બ્લેકલિસ્ટ કરવા ની તેમજ બ્રિજનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરી કાયમી મજબૂતી કરણ કરવાની માંગ કરી છે.

### ભાજપ અને કોંગ્રેસે ઉમેદવારો પસંદગીની ગાઈડલાઈનો નિર્ધારિત કરવા માંડી

## જીલ્લામાં સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીમાં ઉમેદવારીના થનગનભૂષણોમાં સોપો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** ગુજરાત રાજ્યમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ભાજપ પ્રદેશ પ્રમુખ દ્વારા કોને ઉમેદવાર બનાવવો અને કોને ન બનાવવો તે અંગેની ગાઈડલાઈન જાહેર કરતા તાલુકા જિલ્લા પંચાયત અને નગરપાલિકા તેમજ મહાનગરપાલિકાની ચૂંટણી લડવા થણગણતા કેટલાક નેતાઓમાં અને હોદ્દેદારોમાં ભારે સોંપો પડી જવા પામ્યો છે આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા આજે જાહેર કરવામાં આવ્યું હતું કે અગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માં ભાજપના ઉમેદવાર કેવા હશે તે અંગેની ગાઈડલાઈન જાહેર કરી છે જેમાં તેમણે જણાવ્યું છે કે જે ઉમેદવાર છેલ્લી ત્રણ ચૂંટણીમાં ભાજપની ટિકિટ લઈ વિજેતા બન્યો હોય કે, હાર થઈ હોય તેવા ઉમેદવારને ફરીથી ટિકિટ નહીં આપવી તેમજ સાંસદ, ધારાસભ્ય, નગર સેવક તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ડેલિગેટ ના પરિવાર ના સભ્યોને પણ ભાજપના ઉમેદવાર ન બનાવવા તેમજ ત્રણ વર્ષથી ઓછા સમયમાં પ્રાથમિક સભ્યો બન્યા અને ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતાને ભાજપ ઉમેદવાર નહીં બનાવશે જે અંગે પ્રદેશ મોવડી મંડળ દ્વારા તપાસ કરાવી રહી છે અને જે અંગે નો વિપાઈ પણ જિલ્લા તાલુકા અને મહાનગરપાલિકા તેમજ શહેરમાંથી લેવાઈ રહ્યા છે જેને લઈ ભાજપની ટિકિટ લઈ નગરપાલિકામાં મહાનગરપાલિકામાં તેમજ તાલુકા અને જિલ્લા પંચાયત માં સભ્યો બનવા માટે ઈચ્છા ધરાવતા અનેક લોકો ને નિરાશા થવા પામી છે સાથે અનેક નેતાઓ ચૂંટણી લડવા માટે થણ ગણી રહ્યા હતા કે, પોતાના વિસ્તારમાં સંપર્ક કરી રહ્યા હતા તે નેતાઓમાં ભરે ચહલ પહલ મચી જવા પામી છે તો સાથે કોંગ્રેસે પણ આ અંગે પોતાની રણનીતિ જાહેર કરી છે અને ૫૦ ટકા થી વધુ યુવાનોને મેદાનમાં ઉતારવાની તૈયારી શરૂ કરી દીધી છે. જેને લઈ આગામી દિવસોમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ભારે રસાકસી અને પેચીદી બનવાની શક્યતા હાલના માહોલ પરથી દેખાઈ રહી છે જોકે આ અંગે કેટલાક ભાજપ અને કોંગ્રેસના વફાદાર હોય તેવોને ટિકિટ ન મળે તો પાટલી ન બદલી શકે પરંતુ કેટલાક લેભાવવું અને બની બેઠેલા નેતાઓ પાટલી બદલવા પણ તૈયારી કરી રહ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે.

### વાપી મનપાની પ્રથમ ચૂંટણી લડવા ઉત્સુકોમાં પણ અત્યારથી હતાશા

વાપી મહાનગરપાલિકામાં અગામી દિવસોમાં આવી રહેલી સામાન્ય ચૂંટણીમાં ભાજપ માંથી ઉમેદવારી કરવા માટે થણ ગણી રહેલા કેટલાક હોદ્દેદારો અને માજી સભ્ય તેમજ એસપી પતિઓ માં ભારે નિરાશા થઈ હોવાની ચર્ચાઓ શરૂ થઈ જવા પામે છે. જોકે કેટલાક ઉમેદવારો ત્રણથી વધુ વખત ભાજપના સિમ્બોલ ઉપર વિજય બની વાપી મહાનગરપાલિકામાં બિરાજમાન હતા તો કેટલાક મહિલા સભ્યના પતિ અને અન્ય હોદ્દેદારો છેલ્લી ત્રણ-ત્રણ થી વધુ સમયથી વિજેતા બનતા હતા તો કેટલાક ભાજપની ટિકિટ મેળવી હાર પણ મેળવી ચૂક્યા જ હતા તેમ છતાં વાપી મહાનગરપાલિકા બનતા અગામી દિવસોમાં તેઓ ભાજપના ઉમેદવાર બનવા માટે પોતાના વિસ્તારમાં મતદારોનો સંપર્ક તેમજ કેટલાક માત્ર ગણતરીના દિવસોમાં જ ભાજપના સભ્ય અને કેટલાક વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં તેમજ ગામ પંચાયતની ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ કામ કરનારાઓ પણ હવે રાજ્યમાં એકમાત્ર ભાજપની ટિકિટ ઉપર જ વિજેતા બની શકે છે. તેમ લાગતા ભાજપનો હાથ પકડી ટિકિટ મેળવવા માટે હોદ્દેદારોનો સંપર્ક કરી રહ્યા છે. જોકે આજની ભાજપ પ્રદેશ પ્રમુખ દ્વારા કરવામાં આવેલી જાહેરાતથી અનેક લોકોમાં નિરાશાઓ અને ચર્ચાનો વિષય પણ બન્યો છે.

## ૯૨મા જન્મદિને 'ગફુરચાચા'ને અનેક શુભકામના

સમગ્ર ગુજરાત અને ખાસ કરીને વાપી પ્રાંતમાં અતિ લોકપ્રિય, સનમાનીય, અને ગાંધીવાદી સમાજ સેવક, માનવતાની મૂર્તિ અને આપણા સૌના વડીલ અને રાહબરી આપનારને અનેકો અનેક સંસ્થાઓને નવી દિશા અર્પણ કરેલ છે.



પદ્મશ્રી ગફુરભાઇ બીલખિયા

સમાજના નબળા વર્ગોના માણસો માટે અતિ ઉપયોગી મદદો, દરેક વર્ગના ઉદ્ધાર માટે તેઓનું કાર્ય હર હંમેશા નિ:સ્વાર્થ અને સમર્પણ ભાવનાથી તટો તટ રહેતું હોય છે. આપનું જીવન અમોને સેવા કરુણા અને માનવતાનો સાચો પાઠ શીખવ્યો છે.

એવા મહાન સમાજ સેવીના ૯૨ માં જન્મદિને ખુબ ખુબ બધાઈ શુભકામના, શતાયુ પાર કરે એવી જગત જનની માં આશા પુરા તથા ઈશ્વર અલ્લાહને પ્રાર્થના સહ :

બાપુશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ
(પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી)

| | |
|---|---|
| કે. એસ. હિંમતસિંહજી જાડેજા (રવેચી ગ્રુપ વાપી) | શ્રી અરમદીપ સિંહજી જાડેજા (પ્રણવ ગ્રુપ વાપી) |
| કે. એસ. ગીરીરાજસિંહજી જાડેજા | શ્રી અખેરાજસિંહજી ઝાલા (વાપી) |
| શ્રી મહેન્દ્રસિંહજી ગુમાનસિંહજી જાડેજા | શ્રી ડો. ધમેન્દ્રસિંહજી પરમાર (નરોલી) |
| શ્રી મુકેશસિંહજી ઠાકુર (જય ભારત રોડ લાઈન) | શ્રી સમર્થસિંહજી જાડેજા (દમણ) |
| શ્રી જયરાજસિંહજી ઝાલા (રાજપૂત સમાજ પ્રમુખ) | શ્રી વિરેન્દ્રસિંહજી દરૂ (સેલવાસ) |
| શ્રી ધર્મેન્દ્રસિંહજી પરમાર એડવોકેટ (વલસાડ-વાપી) | શ્રી સોહિલ શેખ એડવોકેટ (વલસાડ) |

## ભરતી કરવાની છે

વાપી-છરવાડા ખાતે આવેલ **3 Star** ભારતીબા વિલા રિસોર્ટ માટે તમામ પ્રકારનું મેઈનટેનન્સ કામ કરાવી શકે એવા મેઈનટેનન્સ સુપરવાઈઝર ભરતી કરવાની છે. જેને મીનીમમ ૫ (પાંચ) વર્ષનો અનુભવ હોવો જોઈએ અને અરજદાર રીટાયર્ડ હોય તો પણ ચાલશે.

ચેરમેન શ્રી,
મેં. ભારતીબા વિલા કલબ એન્ડ રિસોર્ટસ પ્રા.લી. છરવાડા - વાપી

મો. 98794 63248

## વલસાડ જીલ્લામાં પાંચ પી.આઈ.ની આંતરિક બદલી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લા પોલીસ વડા વિભાગ દ્વારા આજરોજ જિલ્લાના પાંચ પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી કરવામાં આવી છે. જેમાં સૌથી મહત્વની એવી વલસાડ એલસીબીના પીઆઈની એલ આઈ બી માં બદલી જ્યારે એસઓજીના પી.આઈને વલસાડ એલસીબીનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

વલસાડ જિલ્લા પોલીસ તંત્રમાં વહીવટી કાર્યક્ષમતા વધારવા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવાના આશયથી જિલ્લા પોલીસ વડા દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લાના જુદા-જુદા વિભાગોમાં ફરજ બજાવતા ૫ બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટરો (PI) ની જાહેરહિતમાં તાત્કાલિક અસરથી આંતરિક બદલીઓ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાના આદેશ મુજબ અધિકારીઓની ફેરબદલ કરવામાં આવી છે.

અધિકારીમાં કે. જે. રાઠોડ એ.એચ.ટી.યુ., વલસાડ વાપી ટાઉન પોલીસ સ્ટેશન, એમ.પી.પટેલ વાપી ટાઉન પોલીસ સ્ટેશન લીવ રીઝર્વ પી.એ.વળવી એલ.આઈ.બી. એ.એચ.ટી.યુ., વલસાડ યુ.વી.બારોટ એલ.સી.બી. ને એલ.આઈ.બી. બી.કે.પટેલ લીવ રીઝર્વ (વાપી ટાઉન એટેચ) બદલી કરવામાં આવી છે.જ્યારે વલસાડ જિલ્લા ઓપરેશન ઓપરેશન ગ્રુપ એસઓજી આઈ એ. યુ. રોઝ ને વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલ.સી.બી.)નો વધારાનો હવાલો સાંભળવા આદેશ કરવામાં આવ્યો છે. આ બદલીઓ વહીવટી સુગમતા અને જાહેરહિતને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી નવી જગ્યાએ હાજર થઈ તેનો રિપોર્ટ કચેરીએ મોકલી આપવા સૂચના અપાઈ છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount — Till 31st March
FREE Textbooks — From Nursery to Std 10
Special Concession — On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## ૯૨મા જન્મદિને 'ગફુરચાચા'ને અનેક શુભકામના

Modern Schools

માનનીય પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત શ્રી એવા ગફુરભાઈ બીલખિયા (બાપુજી) ને ૯૨ વર્ષના જન્મદિવસ ની હાર્દિક શુભકામનાઓ.

- આપ શ્રી તમે મોર્ડન સ્કુલ ના સ્થાપક સ્તંભ છો .બાપુજી તમે મોર્ડન ઈંગ્લિશ સ્કુલ જેવી શિક્ષણ સંસ્થાના સ્થાપક તરીકે તમે શિક્ષણ ક્ષેત્રે પણ અમૂલ્ય યોગદાન આપ્યું છે અને અનેક વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજવળ બનાવ્યું છે જે ખરેખર ખૂબ જ પ્રશંસનીય છે.
- આપ શ્રી ખૂબ જ મોટા ઉદ્યોગપતિ હોવા છતાં સામાન્ય માણસની જેમ રહેતા, નમ્ર અને સરળ વ્યક્તિત્વ ધરાવનાર એવા આપ શ્રી સાચા અર્થમાં દાનવીર અને ગરીબોના સાચા મદદગાર છો સમાજમાં જરૂરિયાત મંદ લોકો માટે આપ જે સેવાની સહાયતા કરો છો અને સાથે સાથે તેઓને નોકરીની સુવિધાઓ પણ પૂરી પાડો છો એ ખરેખર સરાહનીય છે.
- ટૂંકમાં, કહીએ તો આપ સાચા દાનવીર ગરીબોના મદદગાર અને શિક્ષણ ક્ષેત્રના પ્રેરણા સ્ત્રોત છો એવા મહાન સમાજ સેવક અને
- ગાંધીવાદી એવા લોક લાડીલા માર્ડન સ્કુલ દાતા, વાપી શહેર ના આપણા બાપુજી ને એમના **૯૨ વર્ષના જન્મદિવસ** પર **મોર્ડન સ્કૂલ પરિવાર** તરફ થી ખૂબ ખૂબ અભિનંદન.



શુભેચ્છક

**મોર્ડન ઈંગ્લિશ સ્કુલ પરિવાર**

| | |
|---|---|
| હાજી મંજૂર ખાન (પ્રેસિડેન્ટ) | હાજી અજીજભાઈ દમણવાળા (ટ્રેઝરર) |
| ડો. દાનિશ પટેલ (વાઈસ પ્રેસિડેન્ટ, સેક્રેટરી) | હાજી હકીમભાઈ સૈયદ (જોઈન સેક્રેટરી) |
| જનાબ અબ્દુલ્લાહ સિદ્દીકી (ટ્રસ્ટી) | હાજી પ્રો. એચ. એન. કલાણીયા (ટ્રસ્ટી) |

જનાબ અલીભાઈ નાથાની (શુભેચ્છક, ઉધોગપતિ)

## નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

VIMAL POWERS




ઠંડી હોય કે ગરમી
ઘરે ઈન્વર્ટર, બેટરી અને સ્ટેબીલાઈઝર તો
V- GUARD

ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

## બીલીમોરા વિસ્તારમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ



### માર્ચની શરૂઆતમાં જ મે મહિના જેવો અહેસાસ, રસ્તાઓ સુમસાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૦ :** સમગ્ર દક્ષિણ ગુજરાત સહિત બીલીમોરા પંથકમાં આ વર્ષે ઉનાળાએ જાણે સમય પહેલા જ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું છે. સામાન્ય રીતે એપ્રિલ અને મે મહિનામાં અનુભવાતી કાળઝાળ ગરમી માર્ચના પ્રારંભે જ આક્રમક રીતે શરૂ થઈ જતાં જનજીવન પ્રભાવિત થયું છે. હવામાનમાં આવેલા અચાનક પલટાને કારણે તાપમાનમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. બીલીમોરા વિસ્તારમાં વહેલી સવારે ૬ વાગ્યે તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયું હતું, જે ખુશનુમા હતું. પરંતુ સૂરજ દાદાએ આકરા તેવર બતાવતા બપોરે ૨.૩૦ વાગ્યા સુધીમાં તાપમાનનો પારો સીધો ૪૧ ડિગ્રી પર પહોંચી ગયો હતો. માત્ર ગણતરીના કલાકોમાં તાપમાનમાં થયેલા આ ધરખમ વધારાને કારણે સમગ્ર વિસ્તાર ગરમીથી ધમધમી ઉઠ્યો હતો.બપોરના સમયે ગરમી અને લૂ એટલી આકરી હતી કે લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. શહેરના મુખ્ય માર્ગો પર માત્ર ગણતરીના વાહનો જ નજરે પડતા હતા, જેના કારણે રસ્તાઓ સુમસાન ભાસતા હતા. ગરમીથી બચવા માટે લોકો ઠંડા પીણાં અને છાંયડાનો આશરો લેતા જોવા મળ્યા હતા. માત્ર મનુષ્યો જ નહીં,પરંતુ પશુ પંખીઓ પણ આ આકરી ગરમીથી ત્રસ્ત જોવા મળ્યા હતા. ગાયો, શ્વાન અને અન્ય પશુઓ ઝાડના છાંયડે આરામ કરતા નજરે પડ્યા હતા.પશુ પ્રેમીઓ દ્વારા નગરજનોને નમ્ર અપીલ કરવામાં આવી રહી છે કે આ આકરી ગરમીમાં મૂંગા જીવો પોતાની તરસ છીપાવી શકે તે માટે દરેક વ્યક્તિ પોતાના ઘર કે ઓફિસની બહાર પાણીનું એક કુંડું ભરીને અવશ્ય મૂકે. માર્ચ મહિનાની શરૂઆતમાં જ જો આટલો પ્રચંડ તાપ અનુભવાતો હોય, તો આગામી એપ્રિલ અને મે મહિનામાં ગરમી કયા સ્તરે પહોંચશે તેને લઈને લોકોમાં ચિંતા જોવા મળી રહી છે. ગરમીના આ પ્રકોપને જોતા તંત્ર દ્વારા પણ બપોરના સમયે સાવચેતી રાખવા અને વધુ પ્રમાણમાં પ્રવાહી લેવા સલાહ આપવામાં આવી રહી છે.

## ચીખલી તાલુકા પંચાયતનું રૂા. ૯.૬૮ કરોડનું બજેટ રજૂ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૦ :** ચીખલી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ૨૦૨૬ - ૨૭ ના વર્ષના રૂપિયા ૯.૬૮ કરોડ રૂપિયાના અંદાજપત્રને બહાલી આપવામાં આવી સામાન્ય સભામાં સભ્યો દ્વારા કેટલાક પડતર પ્રશ્નો બાબતે પણ રજૂઆતો કરવામાં આવી ગોડથલ ગ્રામ પંચાયતના વિભાજનને પણ મંજૂરી આપવામાં આવી.

ચીખલી તાલુકા પંચાયતની આજરોજ યોજાયેલી સામાન્ય સભામાં ૨૦૨૬ - ૨૭ ના વર્ષ માટે રૂપિયા ૯.૬૮ કરોડના અંદાજિત બજેટને બહાલી આપવામાં આવી હતી ચીખલી તાલુકા પંચાયત પ્રમુખ રાકેશ પટેલ, કારોબારી અધ્યક્ષ દમયંતીબેન આહીર, ઉપ પ્રમુખ રમેશભાઈ પટેલ, ટીડીઓ ભાવનાબેન યાદવની ઉપસ્થિતિમાં ચૂંટાયેલા સભ્યોના સથવારે ૨૦૨૬ - ૨૭ ના અંદાજપત્રમાં આરોગ્ય, શિક્ષણ, જાહેર બાંધકામ કુદરતી આફત સહાય સહિતના કામો માટે ૯. ૬૮. ૯૬. ૦૯૮ રૂપિયા ના અંદાજપત્રને મંજૂરી આપવામાં આવી હતી સૌથી વધુ નાણાકીય જોગવાઈ ૩.૫૬ કરોડ બાંધકામ ક્ષેત્ર કરવામાં આવી છે વર્તમાન બોડીની આજની છેલ્લી સામાન્ય સભામાં ગોડથલ ગ્રામ પંચાયતના વિભાજનને પણ બહાલી આપવામાં આવી છે આજની સામાન્ય સભામાં મજીગામ દેસાઈવાડ સ્થિત જર્જરીત પ્રાથમિક શાળાના ઓરડાઓ તોડવાનો લાંબા સમયનો પ્રશ્ન તેમજ સમરોલીમાં કુમાર શાળા ની સામે લાંબા સમયથી ડ્રેનેજનું ગંદુ પાણી છોડાતા ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું હોય જે જગ્યા તાલુકા પંચાયત હસ્તક હોય જે ગંદકી દૂર કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

## વાંસદા જેસીઆઈ રોયલ દ્વારા મહિલા દિનની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૧૦ :** જેસીઆઈ વાંસદા રોયલ ઘવારા આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે વાંસદા તાલુકામાં રહી વિવિધક્ષેત્રે જેમણે સિધ્ધી મેળવી જેઓનું સન્માન જેસીઆઈ વાંસદા રોયલના પ્રમુખ જેસી એડવોકેટ વિજયભાઈ પટલના હસ્તે કરવામાં આવ્યું હતી.

જેમાં દીપતીબેન પરેશભાઈ પટેલ તાલુકા પંચાયત વાંસદાના પ્રમુખ, તથા કુમારી કાજલબેન મુળજીભાઈ માહલા માઉન્ટેનીયરક્ષેત્રે સિદ્ધિ મેળવી તથા કુમારી પુણિમાબેન વિપુલભાઈ ભાવસાર શિક્ષણક્ષેત્રે તથા બીજા અન્ય ક્ષેત્રમાં કામ કરનારી મહિલાઓને મહિલાદિન નિમિત્તે સન્માન




કરી નારીશકિતિને બિરદાવી સમાજમાં નારી સશક્તિકરણને વેગ આપવાનું કામ જેસીઆઈ વાંસદા રોયલના પ્રમુખ જેસી એડવોકેટ વિજયભાઈ પટેલ અને સમગ્ર ટીમે કર્યુ હતું. આ પ્રસંગે જેસીઆઈ વાંસદા રોયલના નિલેશભઈ પારેખ, આશિષભાઈ સોલંકી, મીતુલભાઈ ભાવસાર, ઝીલભાઈ શર્મા, સેકેટરી કુલદીપ સુરતી વગેરે હાજર રહ્યા હતાં.

## ચીખલી આલીપોર ઓવરબ્રિજ નીચેના બિસ્માર રસ્તાથી વાહન ચાલકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૦ :** ચીખલી નજીક આલીપોર ઓવરબ્રિજ નીચે સર્વિસ રોડની બિસ્માર હાલત ઠેર ઠેર ખાડાઓનું સામ્રાજ્ય વાહનો પસાર થાય ત્યારે ધુળની ડમરીઓ ઉડતા વાહન ચાલકો પરેશાન.

ચીખલી નજીક આલીપોર ગામની હદમાં છેલ્લા કેટલાક સમયથી બ્રિજની નીચેનો સર્વિસ રોડ બિસ્માર હાલતમાં હોય તેમ જ ઠેર ઠેર ખાડાઓના સામ્રાજ્યના કારણે વ્યાપક પ્રમાણમાં ધૂળની ડમરીઓ ઉડતી હોય જેના કારણે વાહન ચાલકોએ ભારે પરેશાની વેઠવી પડતી હોય છે આલીપોર ઓવરબ્રિજ નીચેનો સર્વિસ રોડ ને.હા નંબર ૪૮ ને જોડતો હોય આ માર્ગ ઉપરથી સંખ્યાબંધ વાહનો અને ઓવરલોડ ટ્રકો પસાર થતી હોય ખાડાઓના કારણે મોટા વાહનો ચાલકોએ પોતાના વાહનનું સમતોલન જાળવવું પણ મુશ્કેલ હોય છે આ ઉપરાંત સર્વિસ રોડ અંભેટા કેસલી થઈ ગણદેવી નવસારી તરફ જતો હોય ત્યારે આ રસ્તાની યોગ્ય મરામત કરવાની તાતી જરૂરિયાત વર્તાઈ રહી છે આ સર્વિસ રોડ ઉપરથી પસાર થતાં દ્રીચક્રિય વાહન ચાલકોની હાલત પણ ધુળની ડમરીઓના કારણે ખરાબ થઈ રહી છે આ બિસ્માર સર્વિસ રોડ ઉપરથી વારંવાર દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સ પણ પસાર થતી હોય ત્યારે તંત્ર દ્વારા આ સર્વિસ રોડ ને વહેલી તકે રિપેર કરવામાં આવે તે જરૂરી છે.

## આજથી બે દિવસીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી નવસારી જિલ્લાની મુલાકાતે

**નવસારી, તા. ૧૦ :** ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની આહલેક જગાવનાર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી આજથી બે દિવસ તા. ૧૧ અને ૧૨ માર્ચના રોજ નવસારી જિલ્લાની મુલાકાતે પધારી રહ્યા છે. તેમના આગમન પૂર્વે ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી છે.

તા.૧૧ માર્ચના રોજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સવારે ૧૧ કલાકે વાંસદાના મનપુર ગામે હેલિપેડ પર ઉતરાણ કરશે. ત્યારબાદ બપોર પછી ૩઼૧૫ કલાકે રૂમલા ગામે જાહેર સભા સંબોધશે. આ સાથે જ ગ્રામ કલ્યાણ કાર્યક્રમ, અલગ અલગ સ્ટોલની મુલાકાત, સ્વચ્છતા અભિયાન અને રાત્રિ ગ્રામસભાના કાર્યક્રમમાં તેઓની ગરિમામય ઉપસ્થિતિ રહેશે. બીજા દિવસે તા. ૧૨ માર્ચના રોજ સવારે યોગા અભ્યાસ, ગાય દોહન કરી પ્રાકૃતિક મોડલ ફાર્મની મુલાકાત લેશે. બાદમાં,. ૧૨ માર્ચના રોજ સવારે ૧૦:૩૦ કલાકે નવસારીમાં વિશ્વ વિદ્યાલય ભવન પાસે આવેલા અસ્પી ઓડિટોરિયમમાં યોજાનાર નવસારી કૃષિ યુનિવર્સિટીના ૨૧માં વાર્ષિક પદવીદાન સમારંભના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય અને વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ તરીકે રાજપાલ દેવવ્રતજી ઉપસ્થિત રહેશે. તેમની સાથે આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસવર્ધન, મત્સ્યોદ્યોગ અને પ્રોટોકોલ વિભાગના કેબિનેટ મંત્રી જીતુભાઇ વાઘાણી અને રાજ્ય કક્ષાના મંત્રી રમેશભાઈ કટારા ઉપસ્થિત રહેશે. મુખ્ય મહેમાન તરીકે મહારાષ્ટ્રના નાગપુરની પશુ અને મત્સ્ય વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કુલપતિ ડો.એન.વી. પાટીલ ઉપસ્થિત રહી પદવીદાન સમારોહને સંબોધશે.

## નવસારી દ્વારા વિકસિત ભારત યુથ પાર્લામેન્ટનું આયોજન કરાયું

### "50 Years of Emergency – Lessons for Indian Democracy" વિષય પર યુવાનોના ભાષણો, ટોચના ૫ યુવાનો રાજ્ય સ્તરે નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

**નવસારી, તા.૧૦ :** ભારત સરકારના રમતગમત અને યુવા બાબતો મંત્રાલયના મેરા યુવા ભારત, નવસારી દ્વારા ભક્તાશ્રમ સ્કૂલ ખાતે વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં લોકશાહી મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવો અને દેશના વિકાસમાં તેમની સક્રિય ભાગીદારી વધારવાનો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરાયેલ વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝનને સાકાર કરવા માટે યુવાનોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. તે જ દિશામાં યુવાનોને લોકશાહી પ્રક્રિયા, ચર્ચા અને પોતાના વિચારોને આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરવાની પ્રેરણા આપવા માટે આ યુથ પાર્લામેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કેમ્પસ ડિરેક્ટર ડૉ. ધર્મેશ કપાડિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં યુવાનોને લોકશાહી મૂલ્યોને સમજવા અને દેશના વિકાસમાં સક્રિય યોગદાન આપવા માટે પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વિવિધ યુવાનો દ્વારા "50 Years of Emergency – Lessons for Indian Democracy" વિષય પર ઉત્સાહપૂર્વક ભાષણો રજૂ કરવામાં આવ્યા. સ્પર્ધકોએ આપાતકાળના સમયમાંથી મળેલા પાઠો અને ભારતીય લોકશાહીની મજબૂત પરંપરા વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા.

સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરનાર ટોચના પાંચ યુવાનો તરીકે સંજલી સનંદ, નિમેશ નરેશભાઈ ગડુમ, રોશની ભરતભાઈ સિસોદિયા, પ્રાંજલસિંહ પ્રતાપસિંહ રાજપૂત અને વૃંદા પ્રફુલ્લભાઈ બારૈયાની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ વિજેતા યુવાનો હવે નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરીને રાજ્ય સ્તરની સ્પર્ધામાં ભાગ લેશે. મેરા યુવા ભારત, નવસારીના ઉપનિર્દેશક સચિન શર્મા દ્વારા તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવી રાજ્ય સ્તર માટે પસંદ થયેલા યુવાનોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મેરા યુવા ભારત, નવસારીના ઉપનિર્દેશક સચિન શર્માના માર્ગદર્શન હેઠળ કમલ સોલંકી અને ઉજ્જવલ પરમાર તથા ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું.

### છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ઊંચે જતાં

## ચીખલીના જાહેર રસ્તાઓ પર લોકોએ બપોરના સમયે નીકળવાનું બંધ કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૦ :** ગરમીનું પ્રમાણ ધીરે ધીરે વધતું જતા ચીખલીના જાહેર રસ્તાઓ બપોરના સમયે વાહનો અને લોકોની અવર જવરથી સૂમસામ ભાંસી રહ્યા છે અને હવે આકરી ગરમી પડતા લોકોએ બપોરના સમયે બહાર નીકળવાનું પણ બંધ કરી દીધું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉનાળા જેવી આકરી ગરમી ફાગણ માસમાં જ જોવા મળી રહી છે ત્યારે મે માસની ગરમી કેવી રહેશે જે લોકો અત્યારથી જ વિચારી રહ્યા છે જોકે છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ઉંચે જતા બપોરના સમયે જાહેર રસ્તાઓ સુમસામ ભાંસી રહ્યા છે હાલમાં રમઝાન માસ ચાલી રહ્યો હોય તેમ જ લગ્નની મોસમ પણ પૂરજોશમાં હોય છતાં પણ ગરમીનો પારો ઊંચે જતા લોકોને પસીનેથી રેબઝેબ થતા લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે જોકે ગરમીની શરૂઆત થતાં ઈલેક્ટ્રિકલ ની દુકાનોમાં ગરમીથી બચવા માટે કુલર અને પંખા ની ખરીદી કરવા માટે લોકોની અવરજવર વધી રહી છે ત્યારે શરૂઆતની ગરમી જ લોકોને અકળાવી રહી છે ત્યારે મે માસની ગરમી કેવી પડશે જે લોકો અત્યારથી જ વિચારતા થઈ ગયા છે.

## આહવા સાઈબર ક્રાઈમ દ્વારા મહિલાઓને સાઈબર અવરનેશ અંગેની માહિતી આપી




**આહવા, તાં. ૧૦ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આજરોજ આદિવાસી સાંસ્કૃતિક ભવન આહવા ખાતે ડાંગ જિલ્લા કક્ષાના મહિલા સંમેલને નો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રંસગે આહવા સાઈબર પોલીસ સ્ટેશનના પી.આઇ મહેશભાઇ ઢોઢીયાના માર્ગદર્શન હેઠળ સાઈબર પોલીસની ટીમ દ્વારા કાર્યક્રમમાં આવેલ મહિલાઓને સાયબર અવેરનેસ વિશે માહિતી આપી મહિલાઓને જાગૃત કરવામાં આવ્યાં હતાં. પોલીસે મહિલાઓ તથા વિદ્યાર્થીનીઓને સાયબર ફ્રોડ કેવી રીતે થાય અને સાયબર ફ્રોડ થાય તો શું કરવું જોઈએ તે અંગેની અગત્યની માહિતી આપવામાં આવી હતી. તેમજ જ સાઈબર ફ્રોડ થાય તો તાત્કાલિક ૧૯૩૦ પર કોલ કેવી રીતે કરવો તે અંગેની પણ માહિતી આપવામાં આવી હતી. આ સાથે જ પોલીસે સાઈબર અવેરનેશ બાબતેના બેગ તથા પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## સુબીર-કરંજડા માર્ગમાં કન્ટેનર ખીણમાં ખાબક્યુ : ચાલક, ક્લીનરનો બચાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૦ :** ડાંગ જિલ્લામાં પાણી પુરવઠા યોજનાના લોખંડના પાઈપનો જથ્થો ભરી આહવા તરફ આવી રહેલું કન્ટેનર સુબીરથી કરંજડા વચ્ચે આવેલા વળાંક પાસે અચાનક બ્રેક ફેલ થઈ જતા ખીણમાં ખાબકતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માત એટલો ભયાનક હતો કે કન્ટેનરનો આગળનો ભાગ ખુરદો થઈ ગયો હતો.-પ્રાપ્ત માહિતી મુજબ, ડાંગ પાણી પુરવઠા યોજનામાં ઉપયોગ માટે લોખંડના પાઈપ ભરેલું કન્ટેનર સુબીર તરફથી આહવા તરફ જઈ રહ્યુ હતુ. તે દરમિયાન સુબીર અને કરંજડા વચ્ચેના જોખમી વળાંક પાસે કન્ટેનરની અચાનક બ્રેક ફેલ થઈ જતા ચાલકે વાહન ઉપરનો કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે કન્ટેનર માર્ગ પરથી નીચે ખીણમાં ખાબક્યું હતુ.આ અકસ્માત બાદ કન્ટેનરને ભારે નુકસાન થયુ હતુ.અને તેનો આગળનો ભાગ ખુરદો બની ગયો હતો. જોકે આ ભયાનક અકસ્માતમાં કન્ટેનરના ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળે છે.અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિ અંગે સંબંધિત તંત્રાને જાણ કરવામાં આવી હતી. સદભાગ્યે જાનહાનિ ટળી જતા રાહતનો શ્વાસ લેવાયો હતો.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૧-૦૩-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** ફાગણ, આતમ **સૂર્યોદય :** ૦૬ : ૫૬ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૩, **ચંદ્રોદય** - ૦૧:૦૪ **ચંદ્રાસ્ત** - ૧૨:૩૩ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - જ્યેષ્ઠા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે ઉર્જા અને ઉત્સાહ રહેશે. કામમાં નવી તકો મળી શકે. આર્થિક લાભ થઈ શકે, પરંતુ ખર્ચ પર નિયંત્રણ રાખો. પરિવાર સાથે સારો સમય વિતાવશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આર્થિક બાબતોમાં સુધારો થશે. નોકરી અથવા બિઝનેસમાં સ્થિરતા આવશે. પ્રેમ સંબંધમાં મધુરતા રહેશે. આરોગ્ય સારું રહેશે, પરંતુ વધુ પડતું ખાવાનું ટાળો.

**મિથુન(ક.છ.ઘ) :** વેપાર-ધંધામાં વિશેષ લોકોની મદદ મળશે. આર્થિક લાભની સારી તક મળી શકે. દિવસ યાદગાર બનશે. મનોરંજન અને મિત્રો સાથે સમય સારો જશે.

**કર્ક(ડ.હ) :** પરિવારિક જીવનમાં ખુશી રહેશે. કામમાં મહેનતનું ફળ મળશે. આર્થિક યોજનાઓ સફળ થઈ શકે. આરોગ્ય પ્રત્યે ધ્યાન આપો, ખાસ કરીને પેટની તકલીફ થઈ શકે.

**સિંહ(મ.ટ.) :** આત્મવિશ્વાસ વધશે. નેતૃત્વની તક મળશે. આર્થિક લાભ થઈ શકે, પરંતુ ખર્ચ વધુ ન થાય તે જુઓ. પ્રેમમાં રોમાન્સ વધશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** કામમાં સફળતા મળશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. પરિવાર સાથે સારો સમય.

**તુલા (ર.ત.) :** વ્યક્તિત્વ વિકાસ માટે ઉર્જા વાપરો. કામમાં સારા પરિણામો મળશે. પ્રેમ જીવનમાં મધુરતા.

**વૃશ્ચિક(ન.ય.) :** આરોગ્ય ઉત્તમ રહેશે. નવા કાર્યો શરૂ કરવા માટે શુભ દિવસ. આત્મવિશ્વાસ વધશે. બતાવડું ન કરો, સફળતા મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** માનસિક શાંતિ રહેશે. કામમાં પ્રગતિ થશે. આર્થિક લાભની તક. પરિવાર સાથે સુખદ સમય.

**મકર(જ.ખ) :** મહેનતનું ફળ મળશે. કારકિર્દીમાં ઉન્નતિ. આર્થિક સ્થિરતા. પ્રેમમાં સારા સમાચાર.

**કુંભ(ગ.શ.સ.) :** નવી યોજનાઓ સફળ થશે. મિત્રોની મદદ મળશે. આર્થિક લાભ. આરોગ્ય સારું રાખો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આધ્યાત્મિક રુચિ વધશે. કામમાં સ્થિરતા. પરિવાર સાથે ખુશી. આર્થિક બાબતોમાં સુધારો.

## દમણ રેડિયો

102.3 FM

આકાશવાણી

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૫૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 8 | | 6 | | | 9 |
| | 6 | | | 4 | | | 1 | |
| | | 2 | | | | 5 | | |
| 8 | 7 | | 9 | | 1 | | 3 | 2 |
| | 9 | | | | | | 8 | |
| 1 | 2 | | 6 | | 7 | | 4 | 5 |
| | | 6 | | | | 4 | | |
| | 4 | | | 9 | | | 7 | |
| 5 | | | 3 | | 4 | | | 8 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૨૯નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 4 | 7 | 1 | 8 | 9 | 3 | 6 |
| 7 | 9 | 3 | 6 | 4 | 2 | 1 | 5 | 8 |
| 6 | 1 | 8 | 5 | 9 | 3 | 4 | 7 | 2 |
| 4 | 6 | 2 | 1 | 8 | 7 | 3 | 9 | 5 |
| 3 | 7 | 5 | 4 | 2 | 9 | 6 | 8 | 1 |
| 9 | 8 | 1 | 3 | 5 | 6 | 7 | 2 | 4 |
| 1 | 4 | 9 | 2 | 7 | 5 | 8 | 6 | 3 |
| 8 | 2 | 6 | 9 | 3 | 4 | 5 | 1 | 7 |
| 5 | 3 | 7 | 8 | 6 | 1 | 2 | 4 | 9 |

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે

## દમણમાં ગો ગર્લ્સ બીચસાઇડ નાઈટ રન યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
દમણ, તા.૧૦ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસર પર સામાજિક કલ્યાણ / મહિલા અને બાળ વિકાસ વિભાગ, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન દ્વારા મોતી દમણના લાઈટહાઉસ બીચ ખાતે ગો ગર્લ્સ બીચસાઇડ નાઇટ રન ("Go Girls Beachside Night Run")નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓને પોતાની સુરક્ષા, માન અને ગૌરવ અંગે કોઈ ભય કે ચિંતા વગર રાત્રિના સમયે જાહેર સ્થળોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવો તેમજ સુરક્ષા, આત્મવિશ્વાસ અને એકતાની ભાવનાને મજબૂત બનાવવાનો હતો. સરોજબેન ભંડારી, દેવાંશી બિષ્ટ, અક્ષતા ધવલ જૈન કાર્યક્રમમા ઉપસ્થિત રહ્યા હતાં.

આ મેરેથોનમાં પ્રદેશની મહિલાઓ અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેમાં ૫ કિમી, ૧૦ કિમી તથા પ્રથમ વખત આયોજિત ૨૧ કિમી હાફ મેરેથોનનો સમાવેશ થયો, જેમાં દરેક વય જૂથની મહિલાઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવી.

આ પહેલને સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રતિસાદ મળ્યો. ઈન્ફલુએન્સર બાગમી મિશ્રા, વાહિદા ઈદારિયા, ઉમંગ વ્યાસ તથા લોકપ્રિય ઈન્સ્ટાગ્રામ પેજ દમણ પબ્લિસિટી, DNH & DD ટુરિઝમ, ગર્લ્સ ઓફ દમણ અને દમણ સ્પોર્ટ્સ લવર્સએ કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યું.

રેડિયો પાર્ટનર MY FM એ ગુજરાત ભરમાં કાર્યક્રમનો પ્રચાર કર્યો અને સ્થળ પર RJ પ્રતિક્ષા તથા MY FM ટીમ હાજર રહી, જેમણે મેરેથોનનું કવરેજ કર્યું અને ભાગ લેનારાઓ સાથે તથા સમાજ કલ્યાણ અને મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ, DNH & DD અજય કુમાર ગુપ્તા સાથે સંવાદ કર્યો.

ભાગ લેનારાઓને વિવિધ કેટેગરીમાં ૩૦થી વધુ ઈન-કાઈન્ડ ઈનામો તેમજ ઘણા નગદ અને વિશેષ ઈનામો આપવામાં આવ્યા. કાર્યક્રમ દરમિયાન અંતર્મન યોગ સ્ટુડિયો દ્વારા યોગ સત્ર, અને ટ્રેનર દ્વારા ઝુંબા તથા વિવિધ કલાકારોની રજૂઆતો તેમજ મહિલાઓ દ્વારા સંચાલિત ફલી માર્કેટનું આયોજન કરવામાં આવ્યું, જેમાં આભૂષણ, કપડાં અને સજાવટની વસ્તુઓ સહિત અનેક ખાની પીની ના ઉત્પાદનો રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમ ખરેખર મહિલાઓ માટે, મહિલાઓ દ્વારા અને મહિલાઓનો ઉત્સવ રહ્યો.

## વાપીમાં ઓનલી લેડીઝ રકતદાન કેમ્પ યોજાયો : ૫૭ યુનિટ રકત એકત્ર કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વાપી, તા. ૧૦ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વાપીમાં માનવ સેવા અને સમાજસેવાના ઉત્તમ ઉદેશ સાથે ઈનર વ્હીલ ક્લબ ઓફ વાપી અને દેવાણી પરિવાર દ્વારા સ્વ. ભાવનાબેન દેવાણીની પવિત્ર સ્મૃતિમાં ૨૮મો 'ઓનલી લેડીઝ' બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. મહિલાઓના ઉત્સાહભર્યા સહકારથી આ કેમ્પમાં કુલ ૫૭ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઈનર વ્હીલ ક્લબ ઓફ વાપીની પ્રમુખ જ્યોતિ શાહ અને ક્લબના સભ્યો સાથે દેવાણી પરિવારએ ઉપસ્થિત રહી તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે રોટરી ક્લબ ઓફ વાપીના પ્રમુખ પરાગ વોરા, ડિરેક્ટર મેડિકલ સર્વિસ ડૉ. એસ.એસ. સિંહ, PRIP કલ્યાણ બેનર્જી, રોટરી ક્લબના સભ્યો તેમજ ગિફટ સ્પોન્સર્સનો મહત્વપૂર્ણ સહયોગ મળ્યો હતો.

કેમ્પ માટે સ્થળ અને સહકાર આપવા બદલ સૌ. સાન્દ્રા શ્રોફ કોલેજ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ ડૉ. અનિતા નવાલે, મેનેજમેન્ટ, સ્ટાફ અને વિદ્યાર્થીઓનો ખાસ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તેમજ બ્લડ સંગ્રહ અને તબીબી સેવાઓ માટે નુકેમ બ્લડ બેંક, હરિયા એલ.જી. રોટરી હોસ્પિટલ અને તેના સ્ટાફે પણ મહત્વપૂર્ણ સેવાઓ આપી હતી.આ અવસરે આયોજકોએ જણાવ્યું હતું કે, સમાજસેવાના આ પવિત્ર કાર્યમાં સીધા કે આડકતરી રીતે જોડાયેલી તમામ મહિલાઓ અને દાતાઓ પ્રત્યે તેઓ હૃદયપૂર્વક આભારી છે. મહિલાઓની સક્રિય ભાગીદારીથી આ બ્લડ ડોનેશન કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

વલસાડની મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્ના.માં

## નાનાપોંઢાની દિકરીએ ૩ ઓવરમાં ૬૬ રન ફટકાર્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નાનાપોંઢા, તા. ૧૦ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગુજરાત ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશનના નેજા હેઠળ વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશન દ્વારા વલસાડના શાહ એન.એચ. કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ ખાતે ઓપન ગુજરાત મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં વલસાડ જિલ્લાની સાથે નાનાપોઢા અને કપરાડા તાલુકાની ટીમોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કુલ ૮ ટીમોએ ભાગ લઈ મેચોને રોમાંચક બનાવી હતી.ટૂર્નામેન્ટના પ્રારંભ પ્રસંગે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી, વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખ કેયુરભાઈ પટેલ, સેક્રેટરી નિલેશ કોસીયા, સામાજિક કાર્યકર વિનોદભાઈ પટેલ, સી.બી.આઈ. વલસાડના સી.એમ. મકવાણા, ભાગદાવડા ગ્રામ પંચાયતના ઉપસરપંચ બકુલભાઈ જોષી તેમજ ભરતભાઈ બલસારા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે દીપ પ્રગટાવી અને રિબન કાપી ટૂર્નામેન્ટનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સ્પર્ધામાં ખાસ આકર્ષણ બની નાનાપોઢા તાલુકાના ભંડારકચ્છ ગામની આદિવાસી દીકરી પાયલ ભૂરકુંડ. પાયલે પોતાની શાનદાર બેટિંગથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેણે માત્ર ૩ ઓવરમાં જ ૬૬ રન ફટકારી તોફાની પ્રદર્શન કર્યું હતું. તેના આ દમદાર ખેલ બદલ તેને મેન ઓફ ધ મેચનો ખિતાબ આપવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારની આદિવાસી દીકરીનું આ પ્રદર્શન મહિલા ખેલાડીઓ માટે પ્રેરણાદાયક બન્યું હતું. ટૂર્નામેન્ટમાં દિવસભર રસપ્રદ મુકાબલા જોવા મળ્યા હતા. અંતિમ મુકાબલામાં શાહ એન.એચ. કોમર્સ કોલેજની ટીમે ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યું, જ્યારે કળશ ઈલેવન ટીમ રનરઅપ રહી હતી. સમાપન પ્રસંગે વિજેતા અને ઉપવિજેતા ટીમોને ટ્રોફી, મેડલ અને -માણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહિલા દિવસ નિમિત્તો યોજાયેલી આ રમતોત્સવથી મહિલા ખેલાડીઓમાં નવી ઊર્જા અને આત્મવિશ્વાસનો સંચાર થયો હોવાનું આયોજકોએ જણાવ્યું હતું.

## વાપીમાં મહિલાઓ માટે વિશેષ કરાટે બેલ્ટની પરીક્ષા અને સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૦ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે પ્રખ્યાત કરાટે કોચ અને મિશન કિકબેકના સંચાલક હાર્દિક જોશી દ્વારા યુવતીઓ માટે વિશેષ કરાટે બેલ્ટ ની પરીક્ષા અને સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સફળ થયેલ વિદ્યાર્થીઓને તેમના આગામી બેલ્ટ માટે પ્રમોશન આપવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન યુવતીઓને કરાટે સાથે સાથે આત્મરક્ષા માટે જરૂરી પ્રાથમિક સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ પણ આપવામાં આવી. આ સાથે યુવતીઓની માતાઓ માટે પણ ખાસ આત્મરક્ષા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં માતાઓએ પણ ખૂબ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે ભાગ લીધો. છેલ્લા ઘણા વર્ષોથી હાર્દિક જોશી તેમના મિશન કિકબેક અભિયાન હેઠળ હજારો યુવતીઓ અને મહિલાઓને કરાટે અને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપી તેમને આત્મવિશ્વાસી અને સશક્ત બનાવવા માટે સતત કાર્ય કરી રહ્યા છે.

હાર્દિક જોશી મુજબ, કરાટે યુવતીઓ માટે માત્ર રમત નથી, પરંતુ આત્મરક્ષા, આત્મવિશ્વાસ અને સશક્ત જીવન માટેનું એક શક્તિશાળી સાધન છે.







## વાપીમાં સી.સી.કા.ની રજત જયંતિ અને ગફુરચાચાના ૯૨મા જન્મ દિનની ભવ્ય ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. : ૧૦ :** વાપી સિનિયર સિટીઝન કાઉન્સિલ સંસ્થાના ૨૫ વર્ષ પૂર્ણ થતાં તેમજ પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયાના ૯૨માં જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વાપી સિનિયર સિટીઝન કાઉન્સિલના સ્થાપક સભ્ય અને એડવાઈઝર કમિટીના શ્રી ગફુરભાઈ બિલખીયાના ૯૨માં જન્મદિવસ ધ્યાને લઈ સી.સી.કા. દ્વારા સીનીયર સીટીઝન હોલ વાપીમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને વલસાડ જિલ્લામાં તેમજ વાપી પંથકમાં આરોગ્ય તેમજ શૈક્ષણિકક્ષેત્રે અને નિરાધાર લોકો માટે દાન કરનાર જાણિતા દાનવીર પ્રદીપભાઈ દેસાઈ અને રેખાબેન દેસાઇ તેમજ શ્રી રામ શંકર શાસ્ત્રી, સલવાવના કપિલ સ્વામીજી, ધર્મદા દવાખાનાના ટ્રસ્ટી ઉંજેશભાઈ શાહ, માં ફાઉન્ડેશનના અમિતભાઈ મહેતા તથા વિરાજ શુક્લા અને મેરિલ લાઈફ કંપનીના નાનુભાઈ બાભરોલીયા, વલસાડ મોરારજી દેસાઈ પ્રતિષ્ઠાના નટુભાઈ દેસાઈ, ધરમપુર કોલેજના માજી આચાર્ય યોગેશભાઈ ભટ્ટ, દમણગંગા ટાઈમ્સના શીતલબેન ઉપાધ્યાય તથા વિકાસ ઉપાધ્યાય તેમજ અન્ય મા ફાઉન્ડેશન, મોર્ડન એજ્યુકેશન ટ્રસ્ટ તથા અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં સીસીકાના પ્રમુખ દિનેશભાઈ દેસાઈએ સૌને આવકાર્યા હતાં અને મમતાબેન દેસાઈ દ્વારા ગણેશ વંદના અને સ્વાગત ગીત અને પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. સાથે પદ્મશ્રી ગફુરભાઈ બિલખિયા, રામશંકર શાસ્ત્રીજી, કપિલ સ્વામીજી પ્રદીપભાઈ દેસાઈ, નટુભાઈ દેસાઈ, પુષ્પાબેન દેસાઈના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયાને શાલ ઓઢાડી, ગુલદસ્તો આપી જન્મદિવસ અંગેની શુભકામનાઓ ઉપસ્થિત મહેમાનો તેમજ સિનિયર સિટીઝન કાઉન્સિલના સભ્યો દ્વારા આપવામાં આવી હતી. તથા તેમના જન્મદિવસ નિમિત્તે બાર બાર દિન યે આયે.... ગીતના સમૂહ ગાન સાથે ખાસ બર્થ ડે કેક કાપી ઉજવણી કરાઈ હતી. સાથે વાપી સી.સી.કા.ના ૨૫ વર્ષ પૂર્ણ થતાં પ્રમુખ દિનેશભાઈ દેસાઈનું પણ સીસીકાના પ્રતિનિધિ તરીકે શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન તેઓએ સી.સી.કા.ની ૨૫ વર્ષ સુધી સતત કરવામાં આવેલી કામગીરી અંગેનો વિસ્તૃત ચિતાર રજૂ કર્યો હતો. આ બેવડી ઉજવણી સંદર્ભે શ્રી રામ શંકર શાસ્ત્રીજી તથા કપિલ સ્વામીજી દ્વારા સિનિયર સિટીઝન કાઉન્સિલના ૨૫ વર્ષ પૂર્ણ થયા બદલ અભિનંદન આપ્યા હતાં અને મુ. પદ્મશ્રી ગફૂરચાચા તેમના તંદુરસ્ત દીર્ઘાયુ માટે શુભકામના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે દમણ ગંગાટાઈમ્સના નિવાસી તંત્રી વિકાસ ઉપાધ્યાય પણ સિસિકાની રજત જયંતિ વર્ષની ઉજવણી માટે સંસ્થાના સ્થાપક સભ્યો પ્રમુખ અને હોદ્દેદારો સહિત હાલના સંચાલકોને પણ અભિનંદન અને શુભકામના પાઠવ્યા હતાં. તથા મુ. ગફુરચાચાના નિરામય દીર્ઘાયું માટે પ્રભુ પ્રાર્થના સાથે તેમના આશીર્વાદ સતત સૌ પર વરસતા રહે અને વાપી માટે તેઓ પ્રેરણા રૂપ બની રહે એવી શુભકામના કરી હતી. પદ્મશ્રી ગફુરભાઈ પણ આ તબક્કે પોતાનો પ્રાસંગિક વક્તવ્ય અને અનુભૂતિ વ્યક્ત કરી હતી. તેમણે સિનિયર સિટીઝન કાઉન્સિલની સ્થાપના કાળના સભ્યો અને પ્રમુખોના યોગદાનને પણ બિરદાવ્યું હતું અને તેમના જન્મદિવસની આ રીતે ઉજવણી કરવા માટે આનંદ અને આભાર વ્યક્ત કર્યો હતો. તથા સીસીકાના વિકાસમાં તેઓ હંમેશા સાથે ઊભા છે એની ખાતરી પણ આપી હતી.

વાપી સિનિયર સિટીઝન કાઉન્સિલના મહિલા સભ્યો દ્વારા ગરબો રજૂ કરવામાં આવ્યો હતો. જેને પદ્મશ્રી ગફુરભાઈ બિલખિયા તરફથી ૨૦ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરાયું હતું. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોએ એક સાથે ભોજન લઈ કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સિનિયર સિટીઝન કાઉન્સિલના હોદ્દેદારો અને સભ્યો દ્વારા ખૂબ જ સારી વ્યવસ્થા અને કાર્યક્રમને સફળ બનાવવા બદલ અભિનંદન પણ અપાયા હતા

## ભિલાડના શ્રી ગોપાલકૃષ્ણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૦ :** ભિલાડ હાઈવે સ્થિત શ્રી ગોપાલકૃષ્ણ મંદિરે ૫૨માં પાટોત્સવ પ્રસંગે સવારથી ભજનકીર્તન પૂજાઅર્ચના હોમહવન કરવામાં આવેલ જેમાં મહેશ મગનલાલ મહારાજના આમંત્રણથી પધારેલ ભિલાડ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ પીઆઇ એસ.એસ.પવાર એલઆઈબીના નિલેશભાઈ સાથે વિશ્વ હિન્દુ પરિષદ વલસાડ નવસારી આહવાડાંગ વિભાગના વિશેષ પ્રમુખ પિયુષભાઈ શાહ, ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ નીરવભાઈ શાહ, વલસાડ જિલ્લા આર્થિક શેલના સંયોજક અને વાપી નોટિફાઈડ ભાજપના અગ્રણી મહેશભાઈ ભટ્ટ, રાજેશભાઈ નાવી, હિંસા નિવારણ સંઘના ગૌતમભાઈ કિતાવત, વિહિપ સહમંત્રી હિતેશભાઈ પુનમિયા, સામાજીક કાર્યકર રાજેશભાઈ વારલી, ઈન્ડોકાઉન્ટ (GHCL)ના સંચાલક મનોજભાઈ ઝા, નહેર વિભાગના મિશ્રાજી સાથે અચ્છારીના. સરપંચ રામુભાઈને પુરોહિત મહારાજએ તિલક કરી મંદિર ટ્રસ્ટના મહેશભાઈ દ્વારા ખેસ પહેરાવી સન્માન સ્વાગત કરવામાં આવ્યું, સાથે હોમ હવનમાં બેસેલ તમાંમ જોડાઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપી, સહુંને શ્રી ગોપાલકૃષ્ણ સાથે શ્રી નર્મદેશ્વર મહાદેવજી, કુળદેવીમાંના આશીર્વાદ સાથે ભગવાનની અસિમ કૃપાથી સહુનું કલ્યાણ થાઓ એવી શુભકામનાઓ આપી હતી.

## ધરમપુર યંગ ગૃપની ક્રિકેટ ટુર્ના.માં ચવરા ટીમ વિજેતા બની



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા. ૧૦ :** યંગ સ્ટાર ગ્રુપ મધુરી, તા- ધરમપુર દ્વારા તારીખ- ૨૬/૨ થી ૬/૩/૨૦૨૬ દરમિયાન -સરોવર ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન- ૧ નું આયોજન કરવામાં આવ્યુ હતું.

જેમાં ૪૨ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચ ચવરા અને મધુરી વચ્ચે રમાઇ જેમાં ચવરા ટીમે ૧૦ ઓવર માં ૧૨૫ રન નો લક્ષ્યાંક આપતા મધુરી ટીમ માત્ર ૯૬ રન બનાવી ઓલ આઉટ થતા ૨૮ રને ચવરા ટીમ વિજેતા થઇ હતી. પ્રથમ વિજેતા ચવરા ટીમને રૂપિયા ૨૨,૦૦૦/- રોકડા તથા ટ્રોફી આપવામાં આવી, રનર્સ અપ મધુરીવટીમને રૂપિયા ૧૨,૦૦૦/- રોકડા તથા ટ્રોફી આપવામાં આવી. આ ટુર્નામેન્ટને સફળ બનાવવામાં નયનભાઈ ભોયા. સંજયભાઈ ગાંગોડા, લક્ષ્મણભાઈ માલઘરે મનોહર પવાર, રમેશ ભોયા. વિનોદ ભાઈ (જેસીબી ) વિ. તેમજ મધુરી ના ગ્રામજનોએ ખુબજ સારો સહયોગ આપી સરોવર ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન એકને સફળ બનાવી હતી.

## આંબાજંગલમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**કપરાડા, તા. ૧૦ :** કપરાડા તાલુકાના આંબા જંગલ ગામ ખાતે તાલુકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ગામલોકોને વિવિધ સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા સ્ટોલ ગોઠવી અરજીઓ સ્વીકારવામાં આવી હતી.ગુજરાત સરકાર પ્રજાને પારદર્શક, ઝડપી અને સરળ સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. કપરાડા તાલુકાની વિવિધ કચેરીઓના વહીવટી તંત્ર દ્વારા સેવા સેતુ કાર્યક્રમમાં લોકોની સમસ્યાઓ સાંભળી તેનો તાત્કાલિક ઉકેલ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા નાગરિકોને આવક, જાતિ અને નિવાસ દાખલા, રેશનકાર્ડ, પેન્શન તેમજ અન્ય સરકારી યોજનાઓ માટેની અરજીઓ પોતાના ગામ નજીક જ સરળતાથી કરવાની સુવિધા મળી.આ પ્રસંગે કપરાડા મામલદાર સંજયભાઈ દરજી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખ હીરાબેન માહલા, તાલુકા પંચાયત સદસ્ય કાકડભાઈ, વિવિધ ગામોના સરપંચ, આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને લઇ ગ્રામજનોમાં ઉત્સાહ અને ખુશી જોવા મળી હતી.

## દમણની ૨૫ મહિલાઓને ડ્રાઈવિંગ તાલીમ બાદ લાઈસન્સનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા. ૧૦ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, અલ્કેમ ફાઉન્ડેશન અને સ્ટેપ અપ ફાઉન્ડેશન દ્વારા આયોજિત સારથી - મફત ડ્રાઈવિંગ વગો કાર્યક્રમ હેઠળ ડ્રાઈવિંગ તાલીમ પૂર્ણ કરનાર ૨૫ મહિલા તાલીમાર્થીઓને પ્રમાણપત્રો અને ડ્રાઈવિંગ લાઇસન્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સ્ટેપ અપ ફાઉન્ડેશન કાર્યાલય ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં, દમણ જિલ્લાની ૨૫ મહિલાઓએ મફત ડ્રાઈવિંગ તાલીમનો પ્રથમ બેચ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. આ પહેલનો હેતુ મહિલાઓને સશક્ત બનાવવા, તેમનો આત્મવિશ્વાસ વધારવા અને ડ્રાઈવિંગ ક્ષેત્રમાં રોજગારની તકો પૂરી પાડવાનો છે. તેનો હેતુ કૌશલ્ય આધારિત તાલીમ દ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા અને પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાના વિઝનને મજબૂત બનાવવાનો પણ છે. સ્ટેપ અપ ફાઉન્ડેશનના પ્રમુખ વિશાલ ટંડેલે જણાવ્યું હતું કે હોટલ, સ્કૂલ વાન, કોર્પોરેટ ટ્રાન્સપોર્ટેશન અને ખાનગી સેવાઓ જેવા ક્ષેત્રોમાં મહિલા ડ્રાઈવરોની માંગ સતત વધી રહી છે. તેમણે મહિલાઓને તેમની તાલીમનો ઉપયોગ વિશ્વસનીય રોજગાર મેળવવા અને તેમના પરિવારો માટે સારા ભવિષ્યનું નિર્માણ કરવા માટે કરવા વિનંતી કરી. આ કાર્યક્રમમાં અલ્કેમ લેબોરેટરીઝના સિનિયર મેનેજર એચઆર મનોજ સિંહા, સ્ટેપ અપ ફાઉન્ડેશનના પ્રમુખ ડૉ. વિજય પટેલ, સારથી મોટર ડ્રાઈવિંગના જીતેન્દ્ર દમણિયા, તાલીમ પૂર્ણ કરનાર મહિલાઓ સાથે હાજરી આપી હતી.

કપરાડા તા.પં. સભ્ય અને ગુજરાત પ્રદેશ યુથ કોગ્રેસ મહામંત્રી

## નવી દિલ્હીમાં કપરાડાના કુંજાલી પટેલને જન નૈત્રી સન્માન એવોર્ડ એનાયત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**કપરાડા, તા. ૧૦ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વલસાડ જિલ્લા ના કપરાડા તાલુકા પંચાયત સભ્ય અને ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ મહામંત્રી કુંજાલી.ડી.પટેલ ને કોન્સ્ટિટ્યૂશન ક્લબ ઓફ ઈન્ડિયા નવી દિલ્હી ખાતે પ્રતિષ્ઠિત પુરસ્કાર જન નેત્રી સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા. ISD દ્વારા આયોજિત આ એવોર્ડ સમારોહમાં ભારત ભરમાંથી ૧૦ ચૂંટાયેલા પાયાના મહિલા નેતાઓની પસંદગી કરવા માં આવી હતી જેમાં નાનાપોંઢા તાલુકાના સુખાલા ગામ ની દીકરી કુંજાલી દીપકભાઈ પટેલ તેમના સંબંધિત ક્ષેત્રોમાં, ખાસ કરીને મહિલા સશક્તિકરણ, યુવા નેતૃત્વ અને પર્યાવરણ ના જતન માટે જે ચુલા વિતરણ ની મુહિમ ચલાવી હતી જેની નોંધ રાષ્ટ્રીય કક્ષા એ લેવાતા આ પ્રતિષ્ટિ એવોર્ડ મેળવવા માટે મુખ્ય કારણ બન્યું હતું, આ ઉત્કૃષ્ટ યોગદાન બદલ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ આભાર વ્યક્ત કરતા, કુંજાલી પટેલ એ જણાવ્યું હતું કે આ પુરસ્કાર હું મારા મતવિસ્તારના લોકોને સમર્પિત કરું છું. આ સન્માન ફક્ત મારું નથી પરંતુ મારા મતવિસ્તારની મહિલાઓ, યુવાનો અને સમગ્ર સમુદાયનું છે. તેમની ભાગીદારી, વિશ્વાસ અને સમર્થનથી આ યાત્રા શક્ય બની છે. આ આપણા સામૂહિક પ્રયાસોનું પરિણામ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે તેમના વિસ્તારમાં પ્રગતિ અને સફળતા સ્થાનિક સમુદાયની સક્રિય ભાગીદારી અને સહયોગની ભાવનાને કારણે શક્ય બની છે. તેમણે એ પણ ભાર મૂક્યો કે તેમનું મોટાભાગનું કાર્ય સ્થાનિક સંઘઠન ના સમર્થનને કારણે શક્ય બન્યું છે.

# વાપી પૂર્વ -પશ્ચિમના ટ્રાફીકના માળખામાં બાર સાંધે તો તેર તૂટે જેવો ઘાટ ! હવે ૨૨ દિવસ રેલ્વે ફાટક ને તાળાં

**વાપીની મોટામાં મોટી ઉપાધિ પૂર્વ પશ્ચિમ વચ્ચે માળખાકીય માર્ગ સુવિધાનો અભાવ : એ ઉભી કરવા બધાએ જાણે અક્કલ ગોખલામાં મૂકી દીધેલી : સાત વર્ષે બલિઠા રેલ્વે ઓવરબ્રીજ કાર્યાન્વિત થયો તે પાછો વળાંક અને ઢોળાવવાળો : ચોમાસામાં તો જળ સમાધિ પાકી : દાદરા નગર હવેલી, દમણ, દીવમાં એલ.ડી.સી. ની ભરતીની પરીક્ષા છેલ્લાં છ વર્ષથી અધ્ધરતાલ : પ્રશાસક પ્રફુલભાઈ પટેલઆનો ઈલાજ કરે એવી સૌને આશા : મહારાષ્ટ્રનું જંગલ ખાતુ પકડેલા દિપડાઓને જામનગરના વનતારા વન્યપ્રાણી કેન્દ્રમાં ધકેલવાની ફીરાકમાં : વન્યપ્રાણી પ્રેમીઓના મતે આ ક્રુરતા જ કહેવાય !**

એ તો સર્વવિદિત છે કે, વાપી વર્ષોથી બે વિભાગમાં વહેંચાયેલું છે. એક પશ્ચિમ વિભાગ અને બીજો પૂર્વ વિભાગ. વાપીમાં જીઆઈડીસી ઉદ્યોગનગર વર્ષ ૧૯૬૭,૬૮માં આકાર પામ્યું : એ પહેલાં, પૂર્વનો આ વિભાગ નગરપંચાયતનું જ કાર્યક્ષેત્ર હતું. જીઆઈડીસીની સ્થાપના પછી વાપી નગરપંચાયતના શાસકોએ જીઆઈડીસીના ઉદ્યોગો પાસેથી ઓકટ્રોય ઓલકાવવાનું શરુ કરવા એ વિસ્તારમાં ઓકટ્રોય નાકાઓ ઉભાં કરતાં જીઆઈડીસીના ઉદ્યોગપતિઓએ ઔદ્યોગિક વસાહતને નોટીફાઈડ વિસ્તાર જાહેર કરાવતાં વાપી નગર પંચાયત સાથે ફારગતી થઈ ગઈ અને વાપીના બે ફાડચાં થઈ ગયાં.ઉદ્યોગનગરના વિકાસ સાથે વાપીનો વાણિજય ક્ષેત્રે પણ ખુબ વિકાસ થયો. ઉદ્યોગોને કારણે રોજગારી માટે પરપ્રાંતિઓની મહાદોડ પણ ચાલુ થઈ ગઈ. બીજી તરફ વાપીની આસપાસના દમણ, સરીગામ, ઉમરગામ અને દાદરા નગર હવેલીમાં પણ ઔદ્યોગિક વિકાસે હરણફાળ ભરી. આ બધામાં વાપી કેન્દ્રસ્થાને રહેતાં રેલ્વે લાઈનથી બે હિસ્સામાં વહેંચાઈ ગયેલ વાપી ઉપર વાહન વ્યવહારનું ભારણ ખુબ જ વધી ગયું. પરંતુ કમનસીબીએ રહી કે આ વાહન વ્યવહારને પહોંચી વળવા વાપી પૂર્વ અને પશ્ચિમ વચ્ચે આંતરમાળખાકીય માર્ગ સુવિધાઓ વધારવા કોઈએ વિચાર્યુ નહીં. સમયના વહેવા સાથે માર્ગવાહન વ્યવહારની સાથે રેલ્વે ટ્રેઈનોની ફીકવન્સી પણ વધતી જ રહી. તે સમયે વાપી પશ્ચિમથી પૂર્વ તરફ જવા માટે એકમાત્ર ૮૦ નંબરની ફાટક જ હતી. જે ટ્રેઈનોના અવાગમનના કારણે વારંવાર બંધ થઈ જતાં ટ્રાફિક જામનું ચક્ર પણ ધુમતુ રએતું હતું.

સ્થિતિ દિવસે દિવસે વકરવા માંડતાં, ૮૦ નંબરની ફાટક ઉપર રેલ્વે ઓવરબ્રીજની યોજનાને આકાર અપાયો. આ રેલ્વે ઓવરબ્રીજ વાપી માટે આમ તો આશિર્વાદરૂપ હતો. પરંતુ જીલ્લામાં રાજકારણે પલટો માર્યો અને કોંગ્રેસના સાંસદ આવતાં વાપીના તેમના દરબારીઓ એવાં વેપારીઓએ રેલ્વે ઓવરબરીજની આખી યોજનાને સુવડાવી દીધેલી.

રાજકીય ગ્રહણના કારણે આ રેલ્વે ઓવરબ્રીજ લગભગ ૧૨ વર્ષ સુધી શિતગારમાં પડયો રહ્યો. આ દરમિયાન વારંવાર બંધ થતી ફાટકને કારણે ઉભી થતી ચક્કાજામની સ્થિતિને કારણે વાહન ચાલકો પણ કંટાળ્યાં હતા. તેઓએ ફાટકના બે થાંભલાઓ બંધ થાય તેના નામો પણ આપ્યા હતાં. બંને નામો વાપીના બે કોંગ્રેસી અગ્રણીઓના હતાં. ફાટક બંધ થાય ત્યારે વાહન ચાલકો નામ લઈ કહેતાં કે જુઓ આ બે જણા આડા પડયા છે !

એ પછી, સુષુપ્ત અવસ્થામાં પડેલી રેલ્વે ઓવરબ્રીજની યોજનાને ફરી જીવિત કરાઈ અને વાપીને ૧૦૦૯.૯૦ મીટરનો ઓવરબ્રીજ નસીબ થયેલો.

આ રેલ્વે ઓવરબ્રીજે ૨૫ વર્ષ સુધી સેવા આપેલી. એ દરમિયાન, રેલ્વે ગુડસ ટ્રેઈનના ડબલડેકર ડબ્બાઓ માટે દિલ્હી -મુંબઈ વચ્ચે ફ્રેઈડ કોરિડોરની યોજના અમલી બનાવતાં રેલ્વે એ પોતાની હદમાં આ પુલ તોડી ઉચો બનાવવાનું નક્કી કરતાં ગુજરાત સરકારે ભવિષ્યના ટ્રાફિકને પહોંચી વળે એવાં ફોરલેન રેલ્વે ઓવરબ્રીજની યોજના બનાવી પરિણામે વર્ષ ૨૦૨૨ માં જુનો પુલ તોડી પાડયો અને નવા પુલનું કામ છેલ્લાં ચાર વર્ષથી મંથરગતિએ ચાલી રહ્યુ છે. પુલ તુડતાં વાપી છેલ્લાં ચાર વર્ષથી ટ્રાફિકજામના વિષચક્રમાં પિસાઈ રહ્યુ છે. જેને કાબુમાં લેવાનું પોલીસતંત્રની શકિત બહારનું બની રહેલ છે.

આ પાશ્વભૂમિકાનું પુનરાવર્તન એટલાં માટે કરવું પડયુ કે વાપીનો આ જુનો પુલ તોડયા પછી પૂર્વ-પશ્ચિમ વચ્ચેના લાઈટમોટર વેહીકલ્સ માટે બે જ નંબરનો રેલ્વે ફાટક અને બીજો જે ટાઈપનો રેલ્વે અન્ડરબ્રીજ આ બંને વિકલ્પ વાપીના વાહનોના સરળ વહન માટે સક્ષમ ન હોવાથી ટ્રાફિકજામનું ભૂત વર્ષોથી ધૂણતુ જ રહ્યુ છે.

આ બધાં વચ્ચે બાર વર્ષે બાવો બોલ્યો જેવો, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કું.લી. દ્વારા આઠેક વર્ષ ઉપર મંજુર કરાયેલ બલિઠાનો રેલ્વે અન્ડર બ્રિજ નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે તાજેતરમાં જ કાર્યન્વિત થતાં વાપી ફાટક ઉપરના



**દમણગંગાના તીરેથી**

**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

વાહનોનું ભારણ સારુ એવુ ઓછું થયુ હતુ. પરંતુ વાપી પૂર્વ-પશ્ચિમ વચ્ચેના વાહનવ્યવહારમાં બાર સાંધે ત્યાં તેર તૂટે જેવી હાલત સર્જાતી રહી છે !

તા. ૬-૩-૨૬ ના એક ફતવા મુજબ, ડેડિકેટ ફ્રેટકોરિડોર કોર્પેરેશન ઓફ ઈન્ડીયા લી. એ જણાવી દીધુ છે કે, વાપીની ૮૦ નંબરની હાલની કાર્યરત રેલ્વે ફાટક, તા. ૯-૩-૨૬ થી ૩૧-૩-૨૬ સુધી સંપૂર્ણ બંધ રહેશે. ફ્રેટકોરિડોરના રેલ્વે ટ્રેકના દુરસ્તીકામ માટે આ ફાટક ૨૨ દિવસ માટે બંધ રહેશે. જેથી વાહનોએ વિકલ્પી માર્ગોએ જવું.

વાપીના માથાના દુખાવા જેવા ટ્રાફિકના વહન માટેનો એક વિકલ્પ બંધ થઈ જતાં હવે ટ્રાફિકનું ભારણ બલિઠા અતુલનગર પાસેના રેલ્વે અન્ડરબ્રીજમાં ખુબ વધી જશે. આ રેલ્વે અન્ડરબ્રીજની ડિઝાઈન પાછી બહુ વિચિત્ર છે. આખો બ્રિજ ઢોળાવ અને વળાંકના પરાક્રમનો નમુના જેવો ! તેમાં વળી હવે પાણી ઝરપવા માંડયાનો કચવાટ છે. એટલે ચોમાસામાં તેને પાણીમાં ગરક થતાં કોઈ રોકી શકે એમ નથી !

આ પુલની અજબ ગજબ ડિઝાઈન સંદર્ભમાં વલસાડ જીલ્લાના જાહેર બાંધકામ ખાતાના કાર્યપાલક ઈજનેર જતીનભાઈપટેલનું કહેવું છે કે, પુલનું બાંધકામ સ્થળની સ્થિતિ મુજબ અને જીયુડીસી દ્વારા પ્રાપ્ત જમીન મુજબ કરવામાં આવેલું છે. એનો અર્થ એ થયો કે જાહેર બાંધકામની કોઈ ભૂમિકા નથી.

પ્રશાસક પ્રફુલભાઈ પટેલ કોઈ ઉકેલ લાવશે ?

વિશ્વસનીય વર્તુળ દ્વારા જાણ મળ્યા મુજબ, વર્ષ ૨૦૧૯ થી દમણ, દીવ, દાદરા નગર હવેલીમાં લો ડિવિઝન કલાર્કની ભરતી માટેની પરીક્ષાની જાહેરાત પછી છેલ્લા સાત વર્ષથી ભરતી બાબતમાં કોણીએ ગોળ લગાડાઈ રહ્યો છે. આ સંદર્ભમાં આર.ટી.આઈ. કાનુન ૨૦૦૫ અન્વયે તા. ૧૦-૧૨-૨૪ના દિને માહિતી મંગાતા સક્ષમ કચેરી દ્વારા એવો જવાબ અપાયેલો કે આ અંગે આખરી નિર્ણય લેવાશે ત્યારે પરીક્ષાની તારીખ જાહેર કરાશે. ઘા ઉપર મીઠું ભભરાવતાં આ કચેરીએ એમ પણ જણાવેલું કે જો આ જવાબથી સંતોષ થયો ન હોય તો મેમ્બર સેક્રેટરી, સ્ટાફ સિલેકશન બોર્ડ, દાદરા નગર હવેલી, દમણ, દીવની અપેલેટ ઓથોરિટીને અપીલ કરવી.

દરમિયાન, દાદરા નગર હવેલી ના સેલવાસના કલ્પેશભાઈ સુખદેવભાઈ ભલગામાએ જોઈન્ટ સેક્રેટરી, દાનહ, ચેરમેન સ્ટાફ સિલેકશન બોર્ડ, પરશાસકશ્રી દાનહ, અરુણ ટી. મેમ્બર સ્ફાટ સિલેકશન બોર્ડ, સૌરભ મિશ્રા આઈએએસ સચિવ સ્ટાફ સિલેકશન બોર્ડને અરજીઓ કરી જણાવેલ છે કે લોઅર ડિવિઝન કલાર્ક, પંચાયત સેક્રેટરી, કેશીયર એલ.ડીસી. સ્ટુડન્ટસ સેકશન કલાર્ક, હોસ્ટેલ રેકટર, એલ.ડી. સી. કમ કેશિયર માટેની ભરતી માટેની જાહેરાત વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ માં આપવામાં આવી હતી. દાનહ, દમણ અને દીવ ના ઉમેદવારોએ પરીક્ષા માટે અરજીઓ પણ કરેલી પરંતુ આ બધુ જગ્યાઓ માટેની ભરતીની પરીક્ષાઓનું આયોજન થયુ જ નથી !

આ વાતને આજે છ વર્ષ થવાના ! હવે તો આ વિલંબના કારણે કેટલાંક ઉમેદવારોએ વયમર્યાદા બાબમાં પણ નાહી નાંખવા પડવાનું !

આ વર્તુળે ઉમેર્યુ કે, ૨૮-૨-૨૬ ના રોજ ફોરેસ્ટની ભરતીની પરીક્ષા લેનાર હતી તે પણ રદ કરવામાં આવી છે !

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી, દમણ અને દીવના લોકાભિમુખ પ્રશાસક પ્રફુલભાઈ પટેલ, છેલ્લા છ વર્ષથી અનિર્ણિત પરીક્ષા અંગે યોગ્ય માર્ગ કાઢશે એવી અપેક્ષા રહે છે. અક્ષમ્ય વિલંબના કારણે સ્થાનિક નોકરી વાચ્છુઓને અન્યાય થઈ રહ્યો છે.

લો, મહારાષ્ટ્ર રાજય પકડેલા દિપડાઓને જામનગરના વનતારામાં મોકલવા માંગે છે !

મહારાષ્ટ્રના વનખાતાના મંત્રી ગણેશ નાયકે જણાવ્યું કે, તેઓ રાજયમાં પકડાયેલા ૬૭ દિપડાઓ પૈકી ૫૦ જામનગર વનતારા વાઈલ્ડ લાઈફ સેન્ટરમાં મોકલવા માંગે છે. લાઈફ સેન્ટરમાં આ સામે ભારે નારાજગી વ્યકત કરી છે અને જણાવ્યું છે કે દિપડાઓ જંગલોમાં રહેવા જ ટેવાયેલા છે. તેઓને આ રીત બંધનમાં રાખી શકાય નહીં. એકટીવીસ્ટો માને છે કે વનવિસ્તારમાં માનવીઓની ઘુસણખોરીને કારણે દિપડાઓ અને માનવીઓ વચ્ચે સંઘર્ષ પેદા થયો છે. આ વન્યપ્રાણીને બંધનમાં રાખવા એક પ્રકારની ક્રુરતા જ છે. ઘણાં માને છે કે માઈનિંગ પ્રવૃત્તિ ચલાવવા દિપડાઓને કેદી બનાવવામાં આવી રહ્યાં છે! આ જોતાં જરુર લાગે કે ગુજરાત રાજય વન્યપ્રાણઓ માટે સલામત સ્થળ છે. જો કે અહી વનસંપત્તિ ઉપર ભારે પ્રહારો થયેલો છે. છતાં આખા રાજયમાં માનવ વસતીમાં ઘુમતાં દિપડાઓને વનવિભાગ પાંજરે પુરી વનમાં ધોડી દેતાં હોય છે. અહીં આખા રાજયમા દિપડાઓનું સામ્રાજય છે !

મહારાષ્ટ્રવાળાએ તો કેટલાંક વર્ષ ઉપર બે વચ્ચાની મા એવી વાઘણને હેદરાબાદના શાર્પશુટર અસગરઅલી ખાન પાસે ઠાર મરાવી હતી. જો વન વિભાગ ધારતે તો અવની વાઘણ બે શુધ્ધિનો શોટ મારી પ્રાણી બાગમાં માંય મોકલી શકતે. પરંતુ સંવેદનશીલતા જ મરી પરવાલેલી છે એટલે શું થાય ?

• ફિલ્મ જગત • • ફિલ્મ જગત • • ફિલ્મ જગત • • ફિલ્મ જગત • • ફિલ્મ જગત • • ફિલ્મ જગત • • ફિલ્મ જગત • • ફિલ્મ જગત • • ફિલ્મ જગત •

## સ્મૃતિ મંદાના પહેલી ભારતીય ક્રિકેટર જેની પોતાની બાર્બી ડોલ બની

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૦ :** સ્મૃતિ મંદાનાને વધુ એક સન્માન મળ્યું છે, તે દેશની પહેલી એવી મહિલા ક્રિકેટર બની છે, જેની પોતાની બાર્બી ડોલ બની છે, તેને આ સ્પોર્ટ્સ વીમેન કેટેગરીની બાર્બીનું સન્માન મળવાની ઘટનાએ ઈતિહાસ સર્જ્યો છે. સ્મૃતિએ આ વાત બાબતે પોતાની ખુશી વ્યક્ત કરતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ લખી હતી. તેણે લખ્યું, ‘‘હું હજી પણ આ ક્ષણને પચાવી રહી છુંપ મારી સફરથી પ્રેરિત એક અનોખી બાર્બી ડોલને જોવી એ એવી વાત છે જેની મેં બાળપણમાં ક્યારેય કલ્પના પણ નહોતી કરી. ક્રિકેટે મને ઘણું બધું આપ્યું છે અને જો મારી કહાની એક પણ છોકરીને એ માનવામાં મદદ કરે કે મેદાન પર તેનું પણ સ્થાન છે, તો તે મારા માટે બધું જ છે. વિશ્વભરની પોતાના ક્ષેત્રોમાં અવરોધો તોડી રહી છે એવી અદ્દભુત મહિલાઓ સાથે બાર્બીની ‘ડ્રીમ ટીમ’નો ભાગ બનવું મારા માટે ગૌરવની વાત



છે. જ્યારે છોકરીઓને શક્યતા દેખાય છે, તો તેઓ વધુ મોટાં સપનાં જુએ છે.’’આ પહેલી વાર નથી જ્યારે બાર્બીએ વિશ્વ સ્તરે ભારતીય પ્રતિનિધિત્વને ઉજાગર કર્યું હોય. બે વર્ષ પહેલાં અનિતા ડોંગરે અને મેટેલે મળીને દિવાળીથી નિમિત્તે બાર્બી રજૂ કરી હતી, જેમાં બાર્બીને પરંપરાગત રાજસ્થાની પોશાક પહેરાવવામાં આવ્યો હતો. ડાર્ક બ્લુ રંગની સ્લીવલેસ કોટી અને ‘‘મૂનલાઈટબ્લૂમ’’ લેહેંગા, જેમાં નાની નાની ફૂલોની ડિઝાઈન હતી, આ ડિઝાઈન ડોંગરેની વિશિષ્ટ શૈલીને ખરી રીતે પ્રતિબિંબિત કરતી હતી. આ ડિઝાઈનમાં પિચ્છવાઈ ચિત્ર કલાના તત્વો પણ સામેલ હતાં, જે પરંપરાગત ભારતીય કલા છે અને તેના સુક્ષ્મ ફૂલોના મોટીફ માટે જાણીતી છે.સૌથી પહેલી ભારતીય બાર્બી ડોલ દીપિકા મૂત્યાલાથી પ્રેરિત હતી, જે લાઈવ ટીન્ટેડ કંપનીનાં સ્થાપક અને સીઈઓ છે — આ કંપનીએ બ્રાઉન સ્કિન મેકઅપને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવી છે. તે ઉપરાંત કેટરિના કૈફ સહીત કેટલીક બોલિવૂડ એક્ટ્રેસની બાર્બી ડોલ પણ બની છે. ભારતમાં મહિલા ક્રિકેટની લોકપ્રિયતામાં સ્મૃતિ મંધાના સહિતની ખેલાડીઓનો પણ મહત્વનો ફાળો છે, સ્મૃતિ કિર્કેટના દરેક ઈન્ટરનેશનલ ફોર્મેટમાં સદીઓ ફટકારનારી પહેલી ભારતીય મહિલા ક્રિકેટર છે, જે ક્રિકેટની દુનિયામાં પણ મહત્વની સિદ્ધિ છે.

## સની અને પ્રીતિની ફિલ્મનું ટાઈટલ બદલીને બટવારા ૧૯૪૭ કરાયું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૦ :** આમિર ખાનની પ્રોડક્શન કંપનીએ રાજ કુમાર સંતોષીનાં દિગ્દર્શન હેઠળ બનાવેલી ફિલ્મ ‘લાહોર ૧૯૪૭’નું ટાઈટલ બદલવામાં આવ્યું હોવાનું કહેવાય છે. આ ફિલ્મ અસગર વજાહતનાં પ્રસિદ્ધ નાટક ‘જિસ લાહોર નહિ દેખ્યા વો જન્મ્યા હિ નહિ’ પર આધારિત છે. જોકે, આમિર ખાનને ડર લાગ્યો હતો કે હાલના રાજકીય માહોલમાં પોતે પાકિસ્તાનનાં

**આમિરને લાહોર ૧૯૪૭ ટાઈટલથી વિવાદનો ડર લાગ્યો**

શહેરનું નામ ટાઈટલમાં હોય તેવી ફિલ્મ રજૂ કરશે તો નેગેટિવ પબ્લિસિટી થઈ શકે છે. આથી તેણે ફિલ્મનું ટાઈટલ બદલીને ‘બટવારા ૧૯૪૭ કરી નાખ્યું છે. આ ફિલ્મ દ્વારા વર્ષો પછી પ્રીતિ ઝિન્ટા મોટા પડદે પાછી ફરી રહી છે. આ ઉપરાંત વર્ષો બાદ સની દેઓલ ફરી રાજકુમાર સંતોષીનાં દિગ્દર્શન હેઠળ કામ કરી રહ્યો છે. આ ફિલ્મ લાંબા સમયથી તૈયાર હોવાનું કહેવાય છે. જોકે, આમિર ખાને તેની કુટેવ મુજબ ફિલ્મનાં સર્જનમાં વારંવાર દખલ કરતાં તેના અને રાજકુમાર સંતોષી વચ્ચે તથા તેના અને સની દેઓલ વચ્ચે મતભેદો પણ સર્જાયા હોવાનું કહેવાય છે. તેના કારણે ફિલ્મનાં કેટલાંક દ્રશ્યોનું રિશૂટ પણ કરવું પડયું હોવાનું કહેવાય છે.

## હીર રાંઝા માટે સારા અર્જુનને સાઈન કરાયાનો ઈન્કાર

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૦ :** ઈમ્તિયાઝ અલી તથા એક્તા કપૂરની ફિલ્મ ‘હીર રાંઝા’માં હિરોઈન તરીકે ‘ધુરંધર’થી જાણીતી બનેલી સારા અર્જુનની એન્ટ્રી થી હોવાની ચર્ચા હતી પરંતુ કાસ્ટિંગ ડાયરેક્ટર મુકેશ છાબરાએ આ ચર્ચાને ફગાવી છે. મુકેશ છાબરાએ સોશિયલ મીડિયા પર સ્પષ્ટ કર્યુ છે કે હજુ સુધી સારા અર્જુનને આ ફિલ્મ માટે સાઈન કરાઈ નથી. તેણે એમ પણ જણાવ્યું છે કે આ ફિલ્મની હિરોઈન જ્યારે પણ ફાઈનલ થશે ત્યારે પોતે તે વિશે અપડેટ આપશે. અગાઉ આ ફિલ્મમાં હિરો તરીકે રોહિત સરાફને સાઈન કરાયો હોવાની પણ ચર્ચા હતી. જોકે, બાદમાં એ પણ



સ્પષ્ટ થયું હતું કે રોહિત સરાફને હજુ ફાઈનલ કરાયો નથી. ઈમ્તિયાઝ અલીનાં બેનર હેઠળ અગાઉ ‘લૈલા મજનુ’ ફિલ્મ બનાવાઈ હતી. તે પછી તેની કડી રુપે જ હીર રાંઝાની જૂની વાર્તાને નવાં સ્વરુપે ઢાળીને આ ફિલ્મ બનાવાઈ રહી હોવાનું કહેવાય છે.

## ફોર્સ થ્રીનું શૂટિંગ ગુજરાતમાં શરૂ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૦ :** જોન અબ્રાહમની ‘ફોર્સ થ્રી’નું શૂટિંગ હાલ શરુ થયું છે. અત્યારે હર્ષવર્ધન રાણે તથા તાન્યા માનિકતલાએ ગુજરાતનાં લોકેશન્સ પર શૂટિંગ શરુ કરી દીધું છે. જોન પોતે ટૂંક સમયમાં આ શૂટિંગમાં સામેલ થશે. ફિલ્મનું શૂટિંગ ગયાં વર્ષથી જ શરુ થઈ જવાનું હતું પરંતુ તે કોઈને કોઈ કારણોસર ઠેલાતું રહ્યું હતું. આ ફિલ્મનું દિગ્દર્શન ભાવ ધુલિયા કરી રહ્યો છે. ભાવ ધુલિયાએ આ પહેલા વેબ સીરીઝ ‘ખાકી : ધ બિહાર




ચેપ્ટર’નું દિગ્દર્શન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, જોન અબ્રાહમની ‘ફોર્સ’ ફિલ્મ ૨૦૧૧ અને ‘ફોર્સ ટ’ ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. હવે ૧૦ વર્ષ પછી ફિલ્મનો ત્રીજો ભાગ આવી રહ્યો છે.

## આલિયા ભટ્ટની ફિલ્મ સ્પાય-થ્રિલર જુલાઈમાં રિલીઝ થશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૦ :** લાંબા સમયની ઈન્તેઝારીનો હવે અંત આવ્યો છે. આલિયા ભટ્ટની સ્પાય-થ્રિલર હવે જુલાઈમાં રિલીઝ થવા જઈ રહી છે. યશરાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સની આવનારી ફિલ્મ આલ્ફામાં આલિયા ભટ્ટ સાથે અનિલ કપૂર, બોબી દેઓલ અને શર્વરી વાઘ પણ મહત્વના રોલમાં જોવા મળશે. ઘણી રાહ જોયા પછી આલિયા ભટ્ટની સ્પાય-થ્રિલરને અંતે તેની રિલીઝ તારીખ મળી ગઈ છે. રૂઈહ્ણ સ્પાય યુનિવર્સની આ આવનારી ફિલ્મ ૧૦ જુલાઈ ૨૦૨૬એ મોટા પડદા પર રિલીઝ થવાની છે. આ અંગે સત્તાવાર જાહેરાત કરતાં યશરાજ ફિલ્મ્સે અંગ્રેજી ‘એ’ અક્ષર સાથેનું એક રસપ્રદ પોસ્ટર શેર કર્યું છે.આલિયા ભટ્ટ અને શર્વરી તેમની આવનારી સ્પાય-થ્રિલર



આલ્ફા સાથે પ્રસિદ્ધ વાયઆરએફ યુનિવર્સમાં જોડાઈ છે. આ ફ્રેન્ચાઈઝીની આ પહેલી મહિલા-કેન્દ્રિત થ્રિલર ફિલ્મ છે, જેમાં એક થા ટાઈગર, વૉર અને પઠાણ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. શિવ રવૈલ દ્વારા દિગ્દર્શિત અને આદિત્ય ચોપરા દ્વારા નિર્મિત આલ્ફા ૧૦ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મનો સ્ક્રીનપ્લે શ્રિધર રાઘવન, શિવ રવૈલ અને ઈશિતા મોઈત્રા જેવા લેખકો દ્વારા લખવામાં આવ્યો છે.અગાઉ એક સુત્રએ જણાવ્યું હતું કે આલિયા અને શર્વરી એક સ્ટાર-સ્ટડેડ ખાસ ગીતમાં જોવા મળશે અને તે એક નવા અને ક્યારેય ન જોવાયેલા અંદાજમાં જોવા મળશે. સુત્રએ જણાવ્યું, ‘‘આલિયા અને શર્વરી બંને આ ગીત માટે ખુબ ઉત્સાહિત હતાં. આ ગીત ભવ્ય અને દમદાર છે. વિચાર એ હતો કે એક્શનથી ભરપુર પરિસ્થિતિમાં બંને મહિલા મુખ્ય પાત્રો સાથે એક અદ્ભુત અને એનર્જેટીક ગીત રજૂ કરવું અને તે બિલકુલ એ જ રીતે તૈયાર થઈ રહ્યું છે.’’ફિલ્મમાં પહેલેથી જ મજબુત કાસ્ટ છે. પરંતુ આ ફિલ્મમાં રિતિક રોશનની પણ ખાસ હાજરી જોવા મળશે.

## ‘ધુરંધર : ધ રિવેન્જ’’એ રિલીઝ પહેલાં જ પેઈડ પ્રિવ્યૂમાં ‘સ્ત્રી ૨’ને પાછળ છોડી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૦ :** રણવીર સિંહની આવનારી એક્શન થ્રિલર ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ રિલીઝ પહેલાં જ બોક્સ ઓફિસ પર મજબુત પ્રદર્શનના સંકેત આપી રહી છે. ફિલ્મના પેઈડ પ્રિવ્યુ માટે થયેલી એડવાન્સ બુકિંગ્સથી બોલિવૂડમાં નવો રેકોર્ડ બન્યો છે. અત્યાર સુધીમાં ફિલ્મે લગભગ ૨ લાખ ટિકિટ વેચી છે અને લગભગ ૯ કરોડની કમાણી નોંધાવી છે.આ ટિકિટમાંથી લગભગ ૧.૪૧ લાખ ટિકિટ તો પીવીઆર અને સિનેપોલિસ જેવી મલ્ટિપ્લેક્સ ચેઈન્સમાં જ વેચાઈ છે, જે કુલ આવકના લગભગ ૮૦ટકા જેટલું યોગદાન આપે છે. નોંધનીય છે કે આ સિદ્ધિ ફિલ્મનો એકપણ શો ચાલ્યા વગર, માત્ર બે દિવસનાં પ્રી-સેલ્સમાં જ પ્રાપ્ત થઈ છે અને ફિલ્મની રિલીઝ માટે હજુ દસ દિવસનો સમય બાકી છે.આ સાથે ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ હવે બોલિવુડમાં સૌથી વધુ પેઈડ પ્રિવ્યુમાં કમાણી કરનાર ફિલ્મ બની છે, કારણ કે તેણે ‘સ્ત્રી ૨’ના ૮.૭૫ કરોડના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. હવે સૌની નજર ભારતના કુલ પ્રિવ્યુ રેકોર્ડ પર છે, જે હાલમાં ‘ધે કૉલ હિમ ઓજી’ના નામે છે. આ ફિલ્મે પ્રિવ્યુ માટે લગભગ ૨૬ કરોડની કમાણી કરી હતી.ટ્રેડ એનાલિસ્ટ્સ માને છે કે ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ તેની આગળની ફિલ્મ કરતાં મોટી કમાણી કરી શકે છે. ટિકિટ વેચાણ હવે આગામી દિવસોમાં પણ ચાલુ રહેવાની સંભાવના છે. ટ્રેડ વિશ્લેષકોનું માનવું છે કે શરૂઆતમાં વેચાણનો દર થોડો ધીમો પડી શકે, પરંતુ ત્યારબાદ તે સ્થિર રહેશે. ફિલ્મની રિલીઝ સુધીના દસ દિવસમાં પ્રિવ્યુ આવક લગભગ ૨૦ કરોડ નજીક પહોંચી શકે છે, કદાચ તેનાથી વધુ પણ થઈ શકે.ફિલ્મની કુલ પ્રિવ્યુ ક્ષમતા હાલમાં ૫૫ કરોડ નેટથી વધુ માનવામાં આવી રહી છે, જે આગળ જઈને ૬૫ કરોડ નેટથી પણ ઉપર જઈ શકે છે.

### વલસાડ જીલ્લા વહીવટીતંતર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

# પારડીમાં મહિલાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

**મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરાયો : વિશેષ સિદ્ધિ -પ્રાપ્ત કરનાર મહિલાઓનું સન્માન અને મહિલા કલ્યાણની વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કરાયું**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના પારડી ખાતે ભારત રત્ન મોરારજી દેસાઈ ઓડિટોરિયમમાં મહિલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ બ્રિજનાબેન પટેલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષ કલ્પનાબેન પટેલ, જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક એચ.ક્યુ. ભાર્ગવ પંડ્યા પારડી પીઆઈ જી આર ગઢવી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમમાં મહેમાનોનું પોષણ ટોકરી તથા પુષ્પગુચ્છ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલે મહિલાઓના સશક્તિકરણ અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરી યોજનાકીય માર્ગદર્શન આપ્યું હતું. મહિલા અને બાળ અધિકારી શ્વેતા દેસાઈ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આરોગ્ય સમિતિના અધ્યક્ષ કલ્પનાબેન પટેલે મહિલા સશક્તિકરણ વિષે માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહિલા સરપંચઓ, ઉદ્યમી મહિલાઓ તથા મહિલા કલ્યાણની વિવિધ યોજનાઓ જેમ કે, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, વ્હાલી દીકરી યોજના વગેરેના લાભાર્થીઓને મંજૂરી હુકમ તથા ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે માતા યશોદા એવોર્ડનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. મહિલા PSI બી.કે.ત્રિપાઠી દ્વારા સાયબર ક્રાઈમ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ બી.જી. પોપટ દ્વારા DLSA ની કામગીરી અંગે માહિતી આપવામાં આવી હતી. કમલેશ ગીરાસે દહેજ પ્રતિબંધ સહ રક્ષણ અધિકારી દ્વારા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ વિભાગોના સ્ટોલનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો તેમજ તમામ બહેનો દ્વારા સ્ટોલોની મુલાકાત લઈને વિવિધ વિભાગોની યોજનાઓ વિશે માહિતી મેળવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ બહેનોને કિટ વિતરણ કરવામાં આવી હતી.

# પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા મહિલાઓનું સન્માન કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે વરિષ્ઠ નાગરિક મંડળ કિલ્લા પારડી દવારા વિવિધ સંસ્થાઓની મહિલાઓનું કરાયેલ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

પારડીની વિવિધ સંસ્થાઓ જેવી કે સરકારી દવાખાનું, મોહન દયાળ હૉસ્પિટલ, બ્રહ્માકુમારી સંસ્થા, પોસ્ટ ઓફિસ, ભીલાડવાલા બેંક, પારડી યાને ડૉ. કુરેશી હૉસ્પિટલ વગેરે સંસ્થાઓમાં જઈ મોં મીઠુ કરાવી ફૂલથી હૃદય પૂર્વક સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ માટેનો મુખ્ય હેતુ મહિલાઓના અધિકાર, મહિલાઓને ન્યાય અને મહિલા સશક્તિકરણ અંગે જાગૃતિ ની ચેતનાનો હતો મંડળના પ્રમુખ એન. કે. દેસાઇ તેમજ મંડળના હોદ્દેદારઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ઉદવાડા રેલ્વે ફાટકથી બગવાડા ફલાય ઓવરબ્રીજ સુધીનો રસ્તો ૧૦ દિવસ બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન રેલવે ફાટક ઝંડા ચોકથી બગવાડા ફલાયઓવર બ્રિજ સુધીનો રસ્તો નવો આધુનિક બનાવવાના કામને કારણે તા. ૧૦-૦૩-૨૦૨૬ થી તા. ૨૦-૦૩-૨૦૨૬ સુધી બંધ રાખવામાં આવશે જિલ્લા કલેક્ટર, વલસાડના જાહેરનામા મુજબ નાયબ કાર્યપાલક એન્જિનિયર, પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ પારડી દ્વારા બહાર પાડવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે મહાવીર રેસીડેન્સી પાસે આવેલ કોતર ઉપરના મોટા પુલનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે.

આ માટે હાલનો જૂનો પુલ તોડી નવા ડ્રાઈવેબલ પુલનું નિર્માણ કરવામાં આવશે આ કામગીરીને કારણે નિર્ધારિત સમયગાળા દરમિયાન આ રસ્તા પર જાહેર જનતાની અવરજવર સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. જેથી ગ્રામજનોને મુશ્કેલી ન પડે તે માટે સંબંધિત ગામોના સરપંચ અને તલાટી ને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે આ વિસ્તારમાંથી પસાર થતા વાહનચાલકો અને ગામજનોને વિકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા તથા આ બાબતની નોંધ લેવા અપીલ કરવામાં આવી છે.

# પારડીના શ્રી રામ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ૭ દિવસીય ક્રિકેટ ટુર્ના. સંપન્ન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** પારડી તાલુકાના ડુંગરી ગામમાં આવેલ શ્રીરામ ક્રિકેટ ગ્રાઉન્ડમાં દક્ષિણ વિભાગ કોળી સમાજ ની યુવા પાંખ દ્વારા સાત દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી જે ટુર્નામેન્ટના ફાઈનલમાં કોચરવા ટીમનો ભવ્ય વિજય થયો હતો ગરીબો માટે મદદ પહોંચાડવા અને દરેક સમાજ ઉપયોગી ચીજ વસ્તુઓ આપવા માટે યુવા પાંખ દ્વારા ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી અહીં ડુંગરી ગામના શ્રીરામ ક્રિકેટ ગ્રાઉન્ડમાં દક્ષિણ વિભાગ કોળી સમાજના પ્રમુખ હરીશભાઈ પટેલ વાપી પાલિકાના વિરોધ પક્ષના માજી નેતા ખંડુભાઈ પટેલ ભાજપ વાપી તાલુકા પ્રમુખ સમય ભાઈ પટેલ માજી ભાજપ પ્રમુખ સુરેશભાઈ પટેલ ઉમરગામ કોંગ્રેસ સમિતિ પ્રમુખ પ્રવેશભાઈ પટેલ એમના ભાઈ પ્રથમ ભાઈ પટેલ માજી જિલ્લા પંચાયત સદસ્ય ભાવિનભાઈ પટેલ સેલ્યુટ તિરંગા ના અગ્રણી ઉત્તમભાઈ પટેલ ડુંગરી ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ સહિત ટીમોના સ્પોન્સર અગ્રણીઓ સમાજના આગેવાનો અલગ-અલગ વિસ્તારોથી આવેલા વિશાળ સંખ્યામાં યુવા ખેલાડીઓ ભેગા થયા હતા અને ગ્રાઉન્ડમાં પ્રવેશ કર્યા બાદ સર્વપ્રથમ ક્રિકેટ ટુર્નામેન્ટના મુખ્ય દાતા કિશનભાઈ પટેલ દ્વારા શ્રીફળ ફોડી ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવી હતી બાળકોએ બલૂન છોડતા સુંદર દ્રશ્ય સર્જાયો હતો બાદમાં રાષ્ટ્રગીત અને ટોચ કરવામાં આવ્યો હતો અને ટુર્નામેન્ટની ભવ્ય શરૂઆત થઈ હતી આ ટુર્નામેન્ટ માં ભવ્ય શરૂઆત ક્રિકેટની કોમેન્ટ્રી કરનાર રાજ ચૌહાણએ કરાવી હતી સંચાલન ભાવેશભાઈ પટેલ અને તેજસભાઈ પટેલ સહિતના યુવાનોએ કર્યો હતો આ ટુર્નામેન્ટ સાત દિવસ ચાલ્યા બાદ ફાઈનલ મેચ યોજવામાં આવી હતી જે ફાઈનલ મેચમાં રસાકસી વચ્ચે કોચરવાની ટીમ નો ભવ્ય વિજય થયો હતો કોળી પટેલ સમાજના આગેવાન પારડીના ગોઈમા ગામના અગ્રણી પ્રજ્ઞેશભાઈ અમૃતભાઈ પટેલ અને એમના પરિવાર દ્વારા દરેક ખેલાડીઓને રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા અને ટ્રોફી આપવામાં આવી હતી દરેક ખેલાડીઓને ઈનામો આપવામાં આવ્યા હતા અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા ક્રિકેટ ટુર્નામેન્ટ થકી જે કંઈ ધન રાશિ મળી છે એ ધન રાશી ગરીબો અને જરૂરિયાતવાળા લોકો પાછળ ખર્ચવામાં આવશે દર વર્ષે યુવાનો ટુર્નામેન્ટ યોજતા હોય છે આ વર્ષે પણ આ ટુર્નામેન્ટ સફળ રહી હતી ટુર્નામેન્ટમાં મેન ઓફ ધ સિરીઝ થનાર ખેલાડીને રાજ ઉમેશભાઈ પટેલ વાપી તરફથી ઈલેક્ટ્રીક મોપેડ ઈનામમાં આપવામાં આવી હતી માજી કોંગ્રેસ જિલ્લા પ્રમુખ દિનેશભાઈ પટેલના દીકરા પ્રથમ ભાઈ પટેલ કે જેઓએ દરેક ખેલાડીઓને રોકડ નામ આપી પ્રોત્સાહિત કર્યા હતા આ ટુર્નામેન્ટમાં વિશાળ સંખ્યામાં કોળી પટેલ સમાજના અગ્રણીઓ અને યુવાનો તથા ભાઈ બહેનો હાજર રહ્યાં હતાં.



તાજેતરમાં રાજ્યના અમદાવાદમાં ટી ટ્વેન્ટી ક્રિકેટ વર્લ્ડ કપ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં ન્યૂઝીલેન્ડ ટીમ સામે ભારતીય ટીમનો ભવ્ય વિજય થયો હતો. આ ટુર્નામેન્ટ દરમિયાન પારડીના એડવોકેટ અભિષેક નિલેશભાઈ ભંડારી તથા એમના મિત્રો નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ક્રિકેટ જોવા પહોંચી ગયા હતા અને ભારતીય ટીમનો ઉત્સાહ વધાર્યો હતો.

# પરિયા - ડુંગરી માર્ગ પર સ્પીડ બ્રેકરો મુકવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** પારડી તાલુકાના પરિયા ડુંગરી મુખ્ય માર્ગમાં આવેલ આધાર ટ્રસ્ટ ના ગેટ સામે વડીલોની સુરક્ષા માટે સ્પીડ બ્રેકર બમ્ફર મૂકવામાં આવે એવી માંગણી વડીલો કરી રહ્યા છે વડીલોની સુરક્ષા ને ધ્યાનમાં રાખી માર્ગ અને મકાન વિભાગ દ્વારા સ્પ્રીડબેકર મૂકવામાં આવે એ ખૂબ જ જરૂરી બની ગયું છે પરીયા ડુંગરી માર્ગ જે પારડી રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૪૮ ને જોડે છે આ માર્ગમાં વાપી તરફથી અતિ ભારે વાહનો આ રોડમાં ચાલતા હોય છે અને વાહનો પુર ઝડપે જતા હોય જેના કારણે અકસ્માત થવાની સંભાવના રહે છે આધાર ટ્રસ્ટ સંચાલિત વયસ્કો માટેના નિવાસ્થાનના ગેટની સામે આ રોડ લગોલગ આવેલ હોય જેના કારણે વયસ્કો ની સુરક્ષા સામે પ્રશ્ન ખડો થાય છે વયસ્કોએ અકસ્માતના ડરના લીધે બહાર નીકળવું મુશ્કેલ પડે છે જેથી વાહનોની ગતિ મર્યાદામાં આવે એના માટે આધાર ટ્રસ્ટ સંચાલિત આશ્રમની સામે સ્પ્રીડ બ્રેકર મૂકવામાં આવે એવી માંગણી વડીલો કરી રહ્યા છે. આરએનબી વિભાગ એમની સુરક્ષાની દ્રષ્ટિએ આ માર્ગ પર આધાર ટ્રસ્ટના મકાનની સામે સ્પીડ બ્રેકર બનાવે ખૂબ જ જરૂરી બની ગયું છે જે દિશામાં ધ્યાન આપવાની જરૂર છે.

# ખડકી રેમન્ડ કંપનીમાંથી ઝેરી કોબ્રાનું રેસ્કયું કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** જીવદયા ગ્રુપ પારડી ને પારડી ખડકી ખાતે આવેલી રેમન્ડ કંપની માંથી કોલ આવ્યો હતો કે કંપનીના કમ્પાઉન્ડ માં એક મોટો સાપ આવી ગયો છે.

ત્યાર બાદ જીવદયા ગ્રુપના પ્રમુખ ભાઈ અન્સારીની સૂચના મુજબ સભ્યો યાસીન મુલતાની અને રિશી ઠાકુર તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને જોવા પછી ખબર પડી કે ત્યાં એક ખૂબ અજ ઝેરી ૪ ફૂટ લાંબો ઈન્ડિયન કોબ્રા ભારતીય નાગ બેઠો હતો , હાલ ના સમય માં વાતાવરણ માં ફેર ફાર થવા અને ગરમી નો પારો વધવાના કારણે સાપ ઠંડક ી શોધમાં ઘરના આજુ બાજુના માહોલ આવી જઈ છે, તો કોઈ પણ સાપ દેખાય તો એને મારવું નહીં જીવદયા ગ્રુપ પારડીનો કોન્ટેક્ટ મોબાઈલ નંબર ૯૯૯૮૫૫૩૮૮૨ કરવો જેથી સાપને પકડી રેસ્ક્યુ કરી શકાય છે જીવદયા ગ્રુપ પારડીના સભ્યો એ આ ખુબજ આક્રમક ઝેરી કોબ્રા સાપનું રેસ્ક્યુ કરી એને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યું હતું.

# પારડી હાઈવેમાં મોટા વાહનોને અન્ય ટ્રેક પર બેફામ હંકારતાં અટકાવવા જરુરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**પારડી, તા. ૧૦ :** પારડીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ન.૪૮ પર રોજના લાખો વાહનો ની અવરજવર થતી હોય છે. જેમાં વાહનોને પસાર થવા ૩ ટ્રેક આપવામાં આવ્યા છે. પ્રથમ ટ્રેક પર ટુ વ્હીલર, ફોર વ્હીલર તેમજ બીજા ટ્રેક બસ સહિત પેસેન્જર વાહનો અને ત્રીજા ટ્રેક પર ટ્રક સહીત ભારે વાહનોને પસાર થવાના નિયમો બહાર પાડવામાં આવ્યા છે. ત્યારે હાલ જોઈએ તો, હાઈવે ના પ્રથમ ટ્રેક પર ૯૦ટકા ટ્રક-ડમ્પર-કન્ટેનર વગેરે ભારે વાહનો હંકારતા હોય છે. જેના કારણે નિર્દોષ લોકો અકસ્માતના ભોગે ચઢે છે. તંત્રદ્વારાકેમેરા આરટીઓ પોલીસ દ્વારા ઈ-ચલણ અંદાજે રૂ. ૨ હજાર દંડ તથા તેમના વિરુદ્ધ ગુનો નોંધવામાં આવતો હોય છે. તેમ છતાંયે ભારે વાહન ચાલકો નિયમોને નેવે મૂકી ફર્સ્ટ ટ્રેક પર વાહનો હંકારતા હોય છે. જેના માટે ખાસ કરીને જિલ્લા હાઈવે ટ્રાફિક પોલીસ રોજના નિયમિત પેટ્રોલિંગ હાઈવે પર કરે તે જરૂરી છે. પારડી મામલતદાર કચેરી, ચાર રસ્તા બ્રિજ, મહેતા હોસ્પિટલ, પ્રજાપતિ હોલ, શ્રીનાથ હોટલ પાસે, ખડકી બ્રિજ પર કેટલાક નિર્દોષ લોકો ભારે વાહનોની અડફેટે ભોગ બન્યા છે. ત્યારે જવાબદાર તંત્ર લાલ આંખ કરે તેવી ચર્ચા એ જોર પકડ્યું છે. ભારે વાહનો, ટ્રાન્સપોર્ટ સંચાલકો ડ્રાઈવરોને હાઈવેના નિયમોનું પાલન તથા નશો કરીને વાહન ન હંકારવું જેવા ટ્રાફિક નિયમોનું પાલન કરવા સૂચના આપે તે જરૂરી છે પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ કપિલ હળપતિ એ જણાવ્યું હતું કે ચોમાસા બાદ પણ હાઈવેની કેટલીક રીપેરીંગ કામગીરી હાઈવે ઓથોરિટી દ્વારા પૂર્ણ કરવામાં આવી નથી. સર્વિસ રોડની સાઈડ પર ખાડા, સરખી રીતે રીપેરીંગ પણ ન કરતા અકસ્માત સર્જાતા હોય છે. તેમજ પારડી હાઈવે પર થતા અકસ્માતો અંગે કહ્યું કે હાઈવે ના લેન પર નિયમોનું ભંગ કરી રોંગ લેન પર ભારે વાહનો હંકારતા અકસ્માતને આમંત્રણ આપે છે. ત્યારે જવાબદાર તંત્ર આ બાબતે ધ્યાન દોરે તે ખુબ જ જરૂરી છે. જેથી વધતા જતા અકસ્માતો પર રોક લગાવી શકાય.

# પલસાણામાં શિવ મહાપુરાણ કથાનો ભવ્ય પ્રારંભ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** પારડી તાલુકાના પલસાણા ગામમાં આવેલ નારણભાઈ એમ પટેલ પરિવાર દ્વારા શિવ મહાપુરાણ કથા નો સુંદર આયોજન કરવામાં આવ્યું છે આ કથા ના વક્તા પૂજ્ય શ્રી પ્રસાદ દાદા છે કથાની શરૂઆત તારીખ ૯મી માર્ચના રોજ કરવામાં આવી છે. કથાની શરૂઆતના દિવસે શિવ મહાપુરાણ પોથી યાત્રા સમગ્ર ગામમાં કાઢવામાં આવી હતી.

ગામમાં આવેલ દરેક મંદિરોમાં વાજતે ગાજતે પોથીયાત્રા નીકળી હતી. પોથી યાત્રા સમાપ્ત થયા બાદ મોતીવાડા ગામના સરપંચ જયસુખભાઈ નાયકા કથાના આયોજક નારણભાઈ પટેલ અને એમના પરિવારજનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યા હતા ત્યારબાદ કથાના મુખ્ય વક્તા પ્રશાંત દાદા અને એમના સહયોગીઓનો સન્માન કરવામાં આવ્યો હતો. પવિત્ર શિવ મહાપુરાણ ગ્રંથની વિધિવત પૂજા કરવામાં આવી હતી સંપૂર્ણ વિધિ થયા બાદ ત્રણ વાગ્યાથી છ વાગ્યા સુધી પૂજ્ય પ્રસાદ દાદા એ શિવ મહાપુરાણ કથાનો રસપાન કરાવ્યો હતો. આ કથા તારીખ ૧૭ મી માર્ચ સુધી ચાલશે અને બપોરે ત્રણથી છ સુધી જાહેર જનતાને કથામાં સામેલ થવા માટે આમંત્રણ પઠાવવામાં આવ્યું છે. કથા બાદ સાંજે ૭ વાગ્યાના સુમારે મહાપ્રસાદ જાહેર જનતાને પીરસવામાં આવ્યો હતો. દરરોજ મહાપ્રસાદ જાહેર જનતાને પીરસવામાં આવશે દેવાધિદેવ મહાદેવ માતા પાર્વતી પ્રથમ પૂજ્ય શ્રી ગણેશ ભગવાનની વંદના લક્ષ્મીનારાયણની વંદના ગોપાલની વંદના કર્યા બાદ એક દિવસની કથા સમાપ્ત થઈ હતી આ પવિત્ર કથામાં હવે પછી દરેક પ્રસંગો આવશે. જેમાં ભગવાન ભોળાનાથ અને માતા પાર્વતીના લગ્ન શ્રી ગણેશ અને કાર્તિકેનો જન્મ સાથે અને તમામ પ્રસંગો ઉજવવામાં આવશે.

# અરનાલામાં નાના પ્રાણીઓ માટે ભૈરવ મુકિતધામ કાર્યરત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** પારડી તાલુકાના અરનાલા ગામે માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે નાના પ્રાણીઓ માટે સમર્પિત ભૈરવ મુક્તિધામ સ્મશાનનો શુભારંભ કરવામાં આવ્યો છે.

આ અનોખી પહેલ પાછળનો મુખ્ય હેતુ મૃત્યુ પામેલા નાના પ્રાણીઓના સન્માનપૂર્વક અને શાસ્ત્રોક્ત વિધિથી અંતિમ સંસ્કાર કરવાનો છે. સ્પર્શ સંસ્થા દ્વારા રૂ. ૩.૫૧ લાખના ખર્ચે આ સ્મશાનનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં અરનાલા સ્મશાન સમિતિએ ભૂમિ સહયોગ આપી ઉમદા કાર્ય કર્યું છે. આ પ્રસંગે પારડીના પ્રાંત અધિકારી નીરવ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે આ પવિત્ર સ્થળનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અરનાલા અને પાટી ગામના સરપંચો, ગોઈમાના ગ્રામજનો, તલાટી કમ મંત્રી, તેમજ સ્પર્શ સંસ્થાના ટ્રસ્ટીઓ મહર્ષિ કે. દવે અને ઋતુ એમ. દવે સહિત એડવોકેટ ભૂમિકાબેન ઉપસ્થિત રહ્યા હતા. નીરવ પટેલે જણાવ્યું હતું કેઆ પહેલ માત્ર પર્યાવરણની જાળવણી નથી,

પરંતુ પ્રાણીઓ પ્રત્યેની આપણી જવાબદારી અને કરુણાનું પ્રતીક છે અરનાલા ગામે આ સ્મશાન શરૂ કરીને સમગ્ર વલસાડ જિલ્લામાં પ્રાણીપ્રેમ અને માનવતાની નવી રાહ ચીંધી છે.

વલસાડ, પારડી, નાનાપોંઢા અને ધરમપુર જેવા વિસ્તારોમાં અત્યાર સુધી પાલતુ કે રખડતા પ્રાણીઓના મૃત્યુ બાદ જગ્યાના અભાવે તેમને દફનાવવા માટે મોટી મુશ્કેલી પડતી હતી. ખાસ કરીને શહેરી વિસ્તારમાં રહેતા પ્રાણીપ્રેમીઓ માટે પોતાના વહાલા શ્વાનના અવસાન બાદ તેની અંતિમ વિધિ ક્યાં કરવી, તે એક ગંભીર પ્રશ્ન હતો. ત્યારે હવે અરનાલા ખાતે કાર્યરત થયેલું 'ભૈરવ મુક્તિધામ' આ સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે.જ્યાં શ્વાન પ્રેમીઓ પોતાના વહાલા જીવોની અંતિમક્રિયા આદરપૂર્વક અને ગૌરવ સાથે પૂર્ણ કરી શકશે નાના પ્રાણીઓના અંતિમ સંસ્કાર માટે ખાસ અલાયદી અને પવિત્ર જગ્યા તૈયાર કરવામાં આવી છે.

સંપૂર્ણ સુવિધા અંતિમ વિધિ માટે જરૂરી લાકડાની ઉપલબ્ધતા સાથે, પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી પ્રાણી માલિકો માટે બેસવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે.

સન્માનજનક વિદાય જે જીવોએ આપણને સંવેદનશીલ બનાવ્યા છે આ ઉમદા સૂત્ર સાથે અહીં મૂંગા જીવોને ગૌરવપૂર્ણ વિદાય આપવામાં આવશે.

'દમણગંગા ટાઈમ્સ'

દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટ www.damangangatimes.com ની મુલાકાત લો.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 11, March 2026


## રાંધણ ગેસમાં ભાવવધારો

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલાં યુદ્ધનો ભાર આખરે ભારતમાં સામાન્ય નાગરિકો ઉપર પડયો છે! પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક આપણા પાસે હોવાની ખાતરી આપ્યા પછી કેન્દ્ર સરકારે રાંધણ ગેસ - લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ - એલપીજીના સિલિન્ડર દીઠ રૂા. ૬૦ના વધારાને મંજૂરી આપ્યા પછી ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશને અમલ શરૂ કર્યો છે. ભારતમાં રાંધણગેસ - એલપીજીના ગ્રાહકોની સંખ્યા ૩૩ કરોડથી વધુ છે, પણ ઉજ્જવલા યોજના હેઠળ આવતા લોકોને રૂા. ૩૦૦ની રોકડ સબસિડી અપાતી હોવાથી સિલિન્ડર દીઠ રૂા. ૬૧૩ ચૂકવવાના રહેશે. રાંધણગેસના ભાવ વધતાં મધ્યમ અને ગરીબ વર્ગ ઉપર ભારણ વધે છે. રેસ્ટોરાં અને હોટેલો માટે ગેસ મોંઘો પડશે, તેથી ગ્રાહકોને બોનસ આપીને એમના સિલિન્ડર ખરીદવાની પ્રવૃત્તિ વધશે અને ગ્રાહકો માટે સિલિન્ડરની અછત વધે એવી શક્યતા છે, પણ તેની સામે સરકારે એડવાન્સમાં પગલાં લીધાં છે. એસેન્સીઅલ કોમોડિટીઝ એક્ટ હેઠળ વધારાની સત્તા મેળવીને તેલ રિફાઇનિંગ કંપનીઓને તાકીદ કરવામાં આવી છે કે, રાંધણગેસનું ઉત્પાદન વધારો અને એલપીજીનો ઉપયોગ પેટ્રોકેમિકલ પેદાશોના ઉત્પાદન માટે થઈ શકશે નહીં. સરકારે એવો પણ નિયમ કર્યો છે કે, ગેસનો બાટલો ૨૫ દિવસ પછી જ મળશે. રાંધણગેસના ભાવવધારા સામે સંસદમાં વિરોધ થાય અને આગામી રાજ્યોની ચૂંટણીમાં વિપક્ષોને આક્રમક મુદ્દો મળશે. મોંઘવારીનો મુદ્દો હવે વિપક્ષોની વહારે આવશે. આ ભાવવધારો આપણા પાડોશી દેશ-પાકિસ્તાન, શ્રીલંકા અને નેપાળમાં થયેલા વધારાથી ઓછો હોવાની દલીલ થાય છે, પણ તેનાથી રાહત કે સાંત્વના મળે નહીં. વાસ્તવિકતા છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવર્તમાન ભાવ છે તે ભારતમાં લાગુ પડાય તો સિલિન્ડર દીઠ રૂા. ૧૩૪ વધારવા પડે! આપણા દેશની ત્રણે ઓઇલ માર્કેટિંગ કંપનીઓની ખોટ આ વર્ષે નવ મહિનામાં જ રૂા. ૨૦ હજાર કરોડ હોવાનો અંદાજ છે. ગયા વર્ષે આ ખોટ ૪૦ હજાર કરોડ હતી અને વર્ષાન્તે સરકારે ૩૦ હજાર કરોડ ખાધ પૂરવા આપ્યા હતા. એલપીજીની આપણી જરૂરિયાતના ૫૦ ટકા આયાત થાય છે અને તેના ભાવ સાઉદી કોન્ટ્રાક્ટ પ્રાઇસ સાથે સાંકળવા પડે છે અને આ સાઉદી કોન્ટ્રાક્ટ પ્રાઇસ આ વર્ષે ૪૬૬ ડોલરથી વધીને ૫૪૨ ડોલર થઈ છે! પણ ભારત સરકારે સ્વદેશી ભાવ અંકુશમાં રાખીને રાહત આપી છે. હવે પશ્ચિમ એશિયામાં યુદ્ધ લંબાઈ રહ્યું છે અને હોર્મુઝ ખાડીની તંગદિલી જોતાં આ સ્થિતિમાં રાહત થવાની આશા નથી. અખાત યુદ્ધની અસર દુનિયાના દેશોના અર્થતંત્રને પડશે. વેપાર-કારોબાર ઠપ થયો છે. અખાત દેશોના બંદર સુમસામ છે અને કચ્છ-ગુજરાત કે દેશના બંદરો પરથી સમુદ્રી વ્યવહાર ખોરવાઈ ગયો છે. હજુ લડાઈ કેટલી ચાલશે એ નક્કી નથી. ભવિષ્યના દિવસો વધુ ડરામણા હોવાની ભીતિ સેવાઈ રહી છે.

### યુદ્ધના કારણે વિશ્વભરમાં હાહાકાર, ક્રૂડ તેલની કિંમતોમાં ૨૫ ટકા સુધીનો વધારો

# ૯ દેશોમાં પેટ્રોલ-ગેસ સંકટ અને મોંઘવારીનો ડર

## પાકિસ્તાન, ફ્રાન્સ, અમેરિકા, જર્મની, પોલેન્ડ, વિયેતનામ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયામાં ઈંધણની ભારે કટોકટી સર્જાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૦

અમેરિકા-ઈઝરાયલ ઈરાન સાથે છેલ્લા ૧૧ દિવસથી યુદ્ધ કરી રહ્યા છે, તો ઈરાને વિશ્વભર માટે સૌથી મહત્વનો જળમાર્ગ હોર્મુઝ બંધ કરવાના કારણે અનેક તેલ ટેક્કરો સહિતનો સામાન અટકી પડ્યો છે, યુદ્ધના કારણે સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરેબિયા સહિતના દેશોએ પણ આયાત પર કામ મુકી દીધો છે, જેના કારણે અનેક દેશોમાં ફ્યૂલ સંકટને લઈ હાહાકાર મચી ગયો છે. મધ્ય-પૂર્વમાં ભયાનક યુદ્ધ ચાલી રહ્યું હોવાના કારણે ભારત સહિત વિશ્વના અનેક દેશો ફ્યૂલ સંકટનો સામનો કરી રહ્યા છે. પાકિસ્તાન, ફ્રાન્સ, અમેરિકા, જર્મની, પોલેન્ડ, વિયેતનામ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયામાં ઈંધણની ભારે કટોકટી સર્જાઈ છે. મધ્ય-પૂર્વમાં દિવસેને દિવસે ઘર્ષણ વધવાના કારણે ઊર્જા સપ્લાયની આયાત-નિકાસ કરવામાં ભારે અડચણો ઉભી થઈ રહીછે.

ઈરાને પોતાના સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો રસ્તો બંધ કરી દીધો હોવાથી ક્રૂડ તેલની કિંમતો ૨૫ ટકા સુધી વધી ગઈ છે. યુદ્ધના કારણે અનેક દેશો સમક્ષ એવું સંકટ ઉભું થયું છે કે, ક્યાં પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી છે, તો ક્યાંક હોટલ-રેસ્ટોરન્ટો બંધ કરવાનો આદેશ અપાયો છે. એટલું જ નહીં દૈનિક અપાતા પેટ્રોલમાં પણ કાપ મુકવામાં આવ્યો છે. ગભરાટ તેમજ પુરવઠાની અનિશ્ચિતતાના કારણે નાગરિકો ટેન્શનમાં મુકાઈ ગયા છે અને પેટ્રોલ પુરાવા માટે પેટ્રોલ પર લાઈન લગાવી દીધી છે, તો અનેક દેશોની સરકારોએ પણ ચિંતત થઈને વિવિધ રસ્તાઓ અપનાવવાના શરૂ કરી દીધા છે.

પાકિસ્તાન : આર્થિક સંકટ અને ભારે મોંઘવારીનો સામનો કરી રહેલા પાકિસ્તાન ફરી મોટી આફતનો સામનો કરી રહ્યું છે. પાકિસ્તાનમાં હાલ મોંઘવારીમાં અદમ્ય વધારો થયો છે.

બાંગ્લાદેશ : ઈંધણના ભાવમાં વધારાની વાતો સામે આવ્યા બાદ ઈંધણ બંધ થવાની આશંકાના કારણે બાંગ્લાદેશના લોકો ગભરાઈ ગયા છે. અહીં લોકોએ જરૂરીયાત કરતા વધુ પેટ્રોલની સંગ્રહખોરી શરૂ કરી દીધી છે, જેના કારણે દેશમાં પેટ્રોલની ભારે અછત સર્જાઈ છે.

શ્રીલંકા : દેશમાં ઈંધણની કિંમતોમાં ૮ ટકાનો વધારો થયો હોવાની વિગતો સામે આવી છે.

જર્મની : ક્રૂડ ઓઈલના ભાવ વધવાની અસર જર્મની સુધી પણ પહોંચી છે. દેશમાં ક્રૂડ ઓઈલ અને ઈંધણની કિંમતોમાં ઉછાળો આવ્યો છે. ચાન્સેલર ફ્રેડરિક મેર્જ વધતી કિંમતો મામલે બેઠકો અને સમીક્ષા કરી રહ્યા છે.

ફ્રાન્સ : યુદ્ધ બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં ધરખમ વધારો થતા અને ત્યારબાદ અનેક અફવાઓ સામે આવ્યા બાદ ફ્રાન્સના પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી છે.

પોલેન્ડ : ફ્રાન્સ જેવી સ્થિતિ પોલેન્ડમાં પણ સર્જાઈ છે. અહીંના પેટ્રોલ પંપો પર પણ લાંબી કતારો થઈ છે.

વિયેતનામ : યુદ્ધની ગંભીર અસરોમાં વિયેતનામનું પણ નામ સામેલ છે. દેશમાં પુરવઠાને લઈ સરકારે ચિંતા વ્યક્ત કરી છે અને લોકોને ઈંધણની બચત કરવાની અપીલ કરી છે.

ઈન્ડોનેશિયા : ક્રૂડ ઓઈલની કિંમતોમાં વધારાના કારણે ઈન્ડોનેશિયા સરકાર પણ પડકારોનો સામનો કરી રહી છે. સરકાર મ્૫૦ બાયોડીઝલ યોજના ફરી લાગુ કરવાની વિચારણા કરી રહી છે.

અમેરિકા : યુદ્ધની સીધી અસર અમેરિકાના સ્થાનિક બજાર પર પણ જોવા મળી રહી છે, જ્યાં ગેસ પંપો પર ઈંધણની કિંમતોમાં પ્રતિ ગેલન ૧૧ સેન્ટ સુધીનો નોંધપાત્ર વધારો થયો છે.

મધ્ય-પૂર્વમાં યુદ્ધથી અનેક દેશો મોટા સંકટમાં મુકાઈ ગયા છે. વિશ્વમાં આયાત-નિકાસ થતા લગભગ ૩૧ ટકા ક્રૂડ ઓઈલ અને લિક્વિફાઈડ નેચુરલ ગેસ (LNG) હોર્મુઝ જળમાર્ગમાંથી જ પસાર થાય છે. જોકે યુદ્ધના કારણે આ જળમાર્ગ બંધ થઈ જતા વૈશ્વિક ઊર્જા વેપાર સંપૂર્ણ અટકી પડ્યો છે.

નિષ્ણાંતોનું માનવું છે કે, જો યુદ્ધ લાંબુ ચાલશે તો ક્રૂડ ઓઈલની કિંમતો પ્રતિ બેરલ ૧૨૦થી ૧૫૦ ડૉલર પર પહોંચી શકે છે. સંકટ એવું ઉભું થયું છે કે, દુનિયાભરના શેર માર્કેટ ક્રેડ થયા છે અને કિંમતો સતત વધી રહી છે.

# દેશમાં ગેસની અછત મુદ્દે મોદીની ઉચ્ચ સ્તરીય બેઠક

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૦ : ઈરાન ઈઝરાયલ યુએસ વચ્ચે યુદ્ધનો આજે ૧૧મો દિવસ છે. ત્યારે ભારત સહિત અનેક દેશોમાં ઓઇલ અને ગેસનું સંક્ટ તોળાઇ રહ્યુ છે. તે વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંસદમાં પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરી મળવા પહોંચ્યા હતા. પીએમ મોદી સાથે વિદેશમંત્રી એસ જયશંકર, પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરીએ ચર્ચા કરી.

પશ્ચિમ એશિયામાં ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધના ૧૧ મા દિવસે વૈશ્વિક સ્તરે ઉર્જા સંકટ વધુ ઘેરું બન્યું છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી નાકાબંધીને કારણે ભારતની ગેસ આયાતમાં ૩૦%નો ઘટાડો નોંધાયો છે, જેનાથી દેશમાં ઓઈલ અને ગેસના પુરવઠા પર જોખમ તોળાઈ રહ્યું છે. આ કટોકટી વચ્ચે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ સંસદ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ મુલાકાતમાં દેશની ઉર્જા સુરક્ષા જાળવવા, ઈંધણના ભાવ પર અંકુશ રાખવા અને વૈકલ્પિક આયાત માર્ગો શોધવા અંગે મહત્વની ચર્ચા કરવામાં આવી હતી. સરકાર અત્યારે કોઈપણ આર્થિક આંચકાને પહોંચી વળવા માટે સતર્ક છે.

બેઠક દરમિયાન ભારતમાં વધી રહેલી LPGની અછત પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સરકાર અત્યારે ESMA (એસેન્શિયલ સર્વિસીસ મેન્ટેનન્સ એક્ટ) હેઠળ ઘરેલુ ગ્રાહકોને ૧૦૦% પુરવઠો આપવા માટે કટિબદ્ધ છે, પરંતુ જો યુદ્ધ લાંબુ ખેંચાય તો ઉદ્યોગો અને ખાતર પ્લાન્ટ્સ પર તેની વધુ માઠી અસર પડી શકે છે. પીએમ મોદીએ મંત્રીઓને આદેશ આપ્યો છે કે તેલ અને ગેસના નવા આંતરરાષ્ટ્રીય ભાગીદારો શોધવામાં આવે જેથી આરબ દેશો પરની નિર્ભરતા ઘટાડી શકાય.

વડાપ્રધાને સ્પષ્ટ કર્યું છે કે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ વધવા છતાં ભારતના મધ્યમ વર્ગ અને ગૃહિણીઓના રસોડાના બજેટ પર તેની ન્યૂનતમ અસર થાય તેવા પ્રયાસો કરવામાં આવે. આ બેઠક બાદ ટૂંક સમયમાં ગેસ વિતરણ અંગે નવી ગાઈડલાઈન્સ જાહેર થવાની શક્યતા છે.

# ભારતે બાંગ્લાદેશને ૫ હજાર ટન ડીઝલનો પુરવઠો મોકલ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૦ : અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે ૧૧મો દિવસ છે. આ યુદ્ધના કારણે વિશ્વના ઘણા દેશોપર ઈંધણની આફત આવી પડી છે. આ દરમિયાન ભારતે બાંગ્લાદેશને ૫૦૦૦ ટન ડીઝલ સપ્લાય કરવાનો નિર્ણય લીધો છે. મહત્વનું છે કે બાંગ્લાદેશ પાસે માત્ર હવે બે સપ્તાહ ચાલી શકે તેટલો જ ઈંધણનો જથ્થો વધ્યો છે, ભારતે એક કરાર હેઠળ બાંગ્લાદેશને આ ડીઝલની સહાય કરી છે.

બાંગ્લાદેશ પેટ્રોલિયમ કોર્પોરેશન (BPC)ના ચેરમેન મોહમ્મદ રેઝાનુર રહેમાને જણાવ્યું હતું કે, 'ભારત સાથે અમારો એક કરાર છે અને તે કરાર મુજબ ભારત પાઈપલાઈન દ્વારા બાંગ્લાદેશને દર વર્ષે ૧,૮૦,૦૦૦ ટન ડીઝલ સપ્લાય કરશે. અત્યારે જે ૫,૦૦૦ ટન ડીઝલ આવી રહ્યું છે તે તે જ કરારનો એક ભાગ છે.' કરાર મુજબ, છ મહિનાની અંદર બાંગ્લાદેશમાં ઓછામાં ઓછું ૯૦,૦૦૦ ટન ડીઝલ આયાત કરવામાં આવશે. ભારતથી આજે એટલે કે મંગળવારે જે ખેપ આવી રહી છે તે ૫,૦૦૦ ટન છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આગામી બે મહિનામાં બાકીનું ડીઝલ પણ આયાત કરી લેવામાં આવશે.

ભારતે પાઈપલાઈન દ્વારા બાંગ્લાદેશને ડીઝલ મોકલ્યું છે. આ ડીઝલ બાંગ્લાદેશના પારબતીપુર (Parbatipur) બોર્ડરથી દેશમાં પ્રવેશ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ સપ્લાયથી બાંગ્લાદેશમાં ઈંધણની ઉપલબ્ધતા જાળવી રાખવામાં મદદ મળી છે. મિડલ ઈસ્ટમાં છેડાયેલા યુદ્ધ બાદ અન્ય દેશોની જેમ બાંગ્લાદેશમાં પણ ઈંધણનું સંકટ ઉભું થયું હતું, જે ભારત દ્વારા ડીઝલની પૂર્તિ થતા અમુક અંશે ઓછું થઈ શકશે. બીજી તરફ, બાંગ્લાદેશ સરકારે દેશમાં ઈંધણના સંગ્રહખોરીને લઈ કડક વલણ અપનાવ્યું છે. ઉર્જા મંત્રાલયે જણાવ્યું કે કેટલાક વેપારીઓ બજારમાં કૃત્રિમ અછત ઉભી કરવા માટે ગેરકાયદેસર રીતે ઈંધણનો સંગ્રહ કરી રહ્યા છે.

બાંગ્લાદેશના ઉર્જા વિભાગના જણાવ્યા અનુસાર, કેટલાક પેટ્રોલ પંપો પર નિર્ધારિત મર્યાદા કરતા વધુ ઈંધણ વેચવામાં આવી રહ્યું છે અને વધારાનો નફો કમાવવા માટે ઈંધણનો સંગ્રહ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ખુલ્લા બજારમાં ઈંધણ વેચવા અને દાણચોરીની ફરિયાદો પણ સામે આવી છે. આ પ્રવૃત્તિઓને રોકવા માટે બાંગ્લાદેશ સરકારે મોબાઈલ કોર્ટ દ્વારા નિરીક્ષણ અભિયાન શરૂ કર્યું છે. રાજધાની ઢાકામાં અનેક પેટ્રોલ પંપ અને ફ્યુઅલ સ્ટેશનોની તપાસ કરવામાં આવી છે.

# ભારત પાસે ૭૪ દિવસ ચાલે એટલો ખનિજ તેલ અને પેટ્રોલિયમ પેદાશોનો અનામત જથ્થો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૦

ભારત પાસે હાલમાં 74 દિવસ સુધી ચાલે એટલા ખનિજતેલ અને પેટ્રોલિયમ પેદાશોના સંગ્રહ કરવાની ક્ષમતા ઉપલબ્ધ છે, જે જિયો-પોલિટિકલ ટેન્શન જેવી પરિસ્થિતિમાં પુરવઠામાં અવરોધ ઉભો થાય તો તેનો પહોંચી વળવામાં મદદરૂપ બની શકે છે. આ માહિતી સોમવારે સંસદમાં આપવામાં આવી હતી.પેટ્રોલિયમ અને કુદરતી ગેસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી સુરેશ ગોપીએ રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા સ્થાપિત વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ (SPR) સુવિધાઓની કુલ ક્ષમતા 53.30 લાખ મેટ્રિક ટન (MMT) જેટલી છે, જે જિયો-પોલિટિકલ જેવી ટેન્શનની પરિસ્થિતિમાં ટૂંકા ગાળાના પુરવઠાની અછત સામે બફર તરીકે કામ કરી શકે છે. આ જથ્થો આશરે 9.5 દિવસની ખનિજતેલની જરૂરિયાત પૂરી પાડી શકે છે.તે ઉપરાંત, દેશમાં ઓઇલ માર્કેટિંગ કંપનીઓ પાસે ખનિજતેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનો માટે 64.5 દિવસનો સંગ્રહ ઉપલબ્ધ છે. આ રીતે દેશ પાસે કુલ મળીને 74 દિવસની સંગ્રહ ક્ષમતા છે. પેટ્રોલિયમ જથ્થાની ક્ષમતા વધારવા માટે સરકારે જુલાઈ 2021માં બે નવી સુવિધાઓ ઉભી કરવાની મંજૂરી આપી હતી. આ સુવિધાઓ ચંદીખોલ (4 MMT) અને પડુર (2.5 MMT) ખાતે જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડ પર ઉભી કરવામાં આવશે. આ વિસ્તરણથી તેલનો જથ્થો આયાતના લગભગ 12 દિવસ જેટલો વધશે. સરકારે જિયો-પોલિટિકલ અનિશ્ચિતતાઓ દરમિયાન ઊર્જા પુરવઠો અવિરત રહે તે માટે અનેક પગલાં પણ લીધા છે. તેમાં ખનિજતેલની આયાત સ્રોતોમાં વૈવિધ્ય લાવવું, જોખમી અને ટેન્શન વાળા વિસ્તારોને ટાળીને સપ્લાય માર્ગો પસંદ કરવા અને આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે સહકાર વધારવો જેવા વિવિધ પગલા સામેલ છે.

# સરકારે દેશમાં ESMA લાગુ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૦ : ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે મિડલ ઈસ્ટમાં ઉભી થયેલી પરિસ્થિતિઓની અસર ભારતમાં તેલ-ગેસની સપ્લાય પર પડી રહી છે. દેશમાં ગેસની ભારે અછત સર્જાઈ હોવાનું મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે, જેના કારણે સરકારે કડક નિયમો લાગુ કરી દીધા છે. ઘરગથ્થુ વપરાશના ગેસ સિલિન્ડર તો હજુ મળી રહ્યા છે, પરંતુ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછત છે. લોકો ગેસ સિલિન્ડરની જમાખોરી ન કરે અને LPGની સપ્લાયમાં અવરોધ ન આવે તે માટે કેન્દ્ર સરકારે આખા દેશમાં ESMA કાયદો લાગુ કર્યો છે.

સરકારે ઘરેલુ રાંધણ ગેસની કોઈ અવરોધ વગર સપ્લાય સુનિશ્ચિત કરવા માટે ESMA કાયદો લાગુ કર્યો છે. ઘરેલુ ગેસ, પેટ્રોલ અને ડીઝલની પુરવઠો લોકોને મળી રહે તે માટે સરકારે સમગ્ર દેશમાં પેટ્રોલિયમ, પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ તથા નેચરલ ગેસ માટે Essential Commodities Ac લાગુ કર્યો છે. સરકારે રિફાઈનરીઓ અને પેટ્રોકેમિકલ યુનિટ્સને LPGનું ઉત્પાદન વધારવાનો પણ આદેશ આપ્યો છે.

આવશ્યક સેવા જાળવણી અધિનિયમ એક કાયદો છે, જે કેટલીક સેવાઓની ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. આ સેવાઓ લોકોના સામાન્ય જીવન સાથે જોડાયેલી હોય છે અને તેના પર અસર પડવાથી સામાન્ય જનતા પર સીધી અસર પડે છે. તેમાં જાહેર પરિવહન (બસ સેવાઓ), આરોગ્ય સેવાઓ (ડોક્ટર અને હોસ્પિટલ) જેવી સેવાઓનો સમાવેશ થાય છે.

# ઈરાનમાં રહેતા ભારતીયોને મંજૂરી વિના દેશ નહીં છોડવાની તાકીદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૦

તેહરાન સ્થિત ભારતીય એલચી કચેરીએ ઈરાનમાં રહેતાં તમામ ભારતીયોને કચેરીની મંજૂરી વિના ઈરાન નહી છોડવાની કડક તાકીદ કરી છે અને કહ્યું છે કે જો એલચી કચેરીની મંજૂરી વિના કોઇપણ ભારતીય જમીન સરહદે ઇરાન છોડવાનો પ્રયાસ કરશે તો તેને બાદમાં કોઇ મદદ કરી શકાશે નહીં.ઈરાનમાં રહેતા ભારતીયો માટે બહાર પડાયેલી એડવાઇઝરીમાં કચેરીએ કહ્યું છે કે ભારતીય એલચી કચેરીના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ અને પૂર્વમંજૂરી સાથે જ સરહદ પાર કરવાની રહેશે, તેથી ઈરાનમાં રહેતાં તમામ ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓએ કચેરીના સહયોગમાં રહ્યા વિના ઇરાનની કોઇપણ જમીન સરહદેથી દેશ છોડવાનો પ્રયાસ કરવો નહીં.એડવાઇઝરીમાં ભારતીયોને એવી પણ ચેતવણી આપવામાં આવી હતી કે જો કોઇ ભારતીય નાગરિક એલચી કચેરીની મંજૂરી વિના જમીન સરહદેથી ઈરાન છોડી દેશે અને બાદમાં ત્રીજો દેશ તેમને પ્રવેશ નહીં આપે તો વા સંજોગોમાં એલચી કચેરી તેઓની કોઇ સહાય કે મદદ કરી શકશે નહીં, તેથી દરેક ભારતીય નાગરિકને નોંધ લેવાની વિશેષ વિનંતી કરવામાં આવે છે કે જો કોઇ ભારતીય કચેરીની મંજૂરી વિના ઇરાન છોડી દેશે અને ત્રીજો દેશ તેમને પ્રવેશ નહીં આપે તો કચેરી તેમને મદદ કરી શકશે નહીં એમ એડવાઇઝરીમાં કહેવામાં આવ્યું હતું.ઈઝરાયેલે ઈરાનના ઓઈલ ફિલ્ડ ઉપરાંત જાહેર માળખાકીય સુવિધાઓને પણ વ્યાપક નુકસાન પહોંચાડ્યું છે. રવિવારે ઈઝરાયેલે અમેરિકાને આગોતરી જાણ કરી ઈરાનના ઓઈલ ડેપો પર ૩૦ મિસાઈલ ઝીંકી હતી. કેટલાક અહેવાલો મુજબ, ઈઝરાયેલનો આ હુમલો યુએસની અપેક્ષા કરતાં ઘણો વધારે ઘાતક હતી.

# હવે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાનો સમય આવી ગયો:સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૦:આજે સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પર્સનલ લો હેઠળ મહિલાઓના અધિકારોના કથિત ઉલ્લંઘનને પડકારતી અરજી પર સુનાવણી કરતી વખતે દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની હિમાયત કરી હતી. કોર્ટે મોટી ટિપ્પણી કરતા કહ્યું કે, હવે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાનો સમય આવી ગયો છે. જસ્ટિસ જૉયમાલ્યા બાગચીએ કહ્યું કે, પર્સનલ લો ને અમાન્ય જાહેર કરીને શૂન્ય સ્થિતિ ઉત્પન્ન કરવાથી યોગ્ય એ જ રહેશે કે, તેને કાયદાકીય વિવેક પર છોડી દેવામાં આવે જેથી વિધાનસભા સમાન નાગરિક સંહિતા પર કાયદો બનાવી શકે.

ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જૉયમાલ્યા બાગચી અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચે પર્સનલ લો ના કારણે ઉદ્ભવતી મુશ્કેલીઓમાંથી બચવા માટ વિધાનસભાને તેના પર કામ કરવાનું સૂચન આપ્યું છે.

મુસ્લિમ મહિલાઓ માટે સમાન ઉત્તરાધિકાર અધિકારોની માંગ કરતી જાહેર હિતની અરજીની સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે, દેશની તમામ મહિલાઓ માટે સમાન અધિકારો સુનિશ્ચિત કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે દેશભરમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવે. કોર્ટે પહેલાથી જ યુનિફોર્મ સિવિલ કોડની ભલામણ કરી છે. જુઓ, એક મુસ્લિમ પુરુષ... તે કોઈપણ પ્રક્રિયાનું પાલન કરીને તેની પત્નીને એકપક્ષીય રીતે તલાક આપી શકે છે.

# ટ્રમ્પે ઈરાનમાં યુએસ ભૂમિ સૈન્ય કાર્યવાહીના સંકેત આપ્યા

(જી.એન.એસ) તા. ૯

વોશિંગ્ટન, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સૂચવ્યું છે અને સંકેત આપ્યો છે કે જો તેમના દ્વારા વર્ણવવામાં આવેલ "ખૂબ જ સારું કારણ" હોય તો અમેરિકન ભૂમિ સૈનિકોને ઈરાનમાં મોકલી શકાય છે, અને ઉમેર્યું છે કે આવી કાર્યવાહીથી ઈરાની દળો યુએસ સૈન્ય સામે લડવા અથવા પાછા ફરવા માટે અસમર્થ રહેશે.એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાત કરતા, ટ્રમ્પે જમીન પર આક્રમણ વિચારણા હેઠળ છે કે નહીં તેની સીધી પુષ્ટિ કરવાનો ઇનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે તેઓ આ મુદ્દા પર ચર્ચા કરવા માંગતા નથી અને તેને અયોગ્ય પ્રશ્ન ગણાવ્યો હતો, પરંતુ સંકેત આપ્યો હતો કે જો કોઈ મજબૂત વાજબીપણું હોય તો આવી કાર્યવાહી શક્ય બની શકે છે. તેમણે ઉમેર્યું હતું કે જો યુનાઇટેડ સ્ટેટ્સ ક્યારેય ઈરાનમાં ભૂમિ સેના તૈનાત કરશે, તો દેશની સેનાને એટલી ભારે નુકસાન થશે કે તે જમીની સ્તરે લડવાનું ચાલુ રાખી શકશે નહીં.ટ્રમ્પે તેહરાન સાથે વાટાઘાટોની શક્યતાને પણ ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે યુનાઇટેડ સ્ટેટ્સ સમાધાન ઇચ્છતું નથી, ભલે ઈરાન ઇચ્છતું હોય. ટ્રમ્પના મતે, ઈરાનનું નેતૃત્વ પહેલાથી જ ગંભીર રીતે નબળું પડી ગયું છે અને તેના ઘણા નેતાઓને ખતમ કરવામાં આવી રહ્યા છે, અને ઉમેર્યું હતું કે પરિસ્થિતિ એવા તબક્કે પહોંચી શકે છે જ્યાં ઔપચારિક રીતે શરણાગતિ સ્વીકારવા માટે કોઈ બાકી ન રહે. તેમની આ ટિપ્પણી એવા સમયે આવી જ્યારે તેમણે જાહેર કર્યું કે ઈરાન સાથે વાતચીત માટે "ખૂબ મોડું" થઈ ગયું છે અને ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુએસ અને ઈઝરાયલી લશ્કરી અભિયાનને સમાપ્ત કરવા માટે બિનશરતી શરણાગતિ માંગી છે.

# પુતિને ઈરાનને 'અટલ' સમર્થન જાહેર કર્યું

(જી.એન.એસ) તા. ૯

મોસ્કો/તેહરાન,રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સોમવારે યુનાઇટેડ સ્ટેટ્સ અને ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષમાં ઈરાનને રશિયાના 'અટલ' સમર્થનની પુષ્ટિ કરી.

ઈઝરાયલે ખામેનીના અનુગામીને 'પીછો' કરવાની ચેતવણી આપી હોવા છતાં, પુતિને મોજતબા ખામેનીને ઈરાનના નવા નેતા તરીકે નિયુક્તિ બદલ અભિનંદન પણ આપ્યા.

પુતિને કહ્યું કે રશિયા તેહરાનની સાથે રહેશે, અને કહ્યું કે તેઓ "તેહરાનને અટલ સમર્થન અને અમારા ઈરાની મિત્રો સાથે એકતાની પુષ્ટિ કરવા માંગે છે," છઠ્ઠું એ પુતિનને ટાંકીને કહ્યું.

મોજતબા ખામેનીના અભિનંદન આપતા, પુતિને કહ્યું કે તેમને વિશ્વાસ છે કે ખામેની તેમના પિતાનું કાર્ય "સન્માન સાથે" ચાલુ રાખશે અને "ગંભીર કસોટીઓનો સામનો કરીને" ઈરાની લોકોને એક કરશે.

"એવા સમયે જ્યારે ઈરાન સશસ્ત્ર આક્રમણનો સામનો કરી રહ્યું છે, ત્યારે આ ઉચ્ચ પદ પર તમારા કાર્યકાળ માટે નિઃશંકપણે ખૂબ હિંમત અને સમર્પણની જરૂર પડશે," રશિયન નેતાએ કહ્યું.

અગાઉ, શુક્રવારે મોડી રાત્રે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે ફોન પર વાત કરતા, પુતિને ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની, ખામેનીના પરિવારના સભ્યો, ઈરાની રાજકીય અને લશ્કરી નેતાઓ અને "અસંખ્ય નાગરિકો" ની હત્યા પર ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

"વ્લાદિમીર પુતિને તાત્કાલિક દુશ્મનાવટ બંધ કરવા, ઈરાનને લગતા અથવા મધ્ય પૂર્વમાં ઉદ્ભવતા કોઈપણ મુદ્દાઓને ઉકેલવા માટે બળનો ઉપયોગ નકારવા અને રાજદ્વારી ઉકેલના માર્ગ પર ઝડપથી પાછા ફરવાના રશિયાના સૈદ્ધાંતિક વલણને પુનઃપુષ્ટિ આપી," ક્રેમલિનના અહેવાલ મુજબ.

ઈરાને સોમવારે દેશના સ્વર્ગસ્થ સર્વોચ્ચ નેતાના પુત્ર, ઇસ્લામિક રિપબ્લિકના આગામી શાસક, આયતુલ્લાહ મોજતબા ખામેનીને નામ આપ્યું. ૧૯૬૯ માં પૂર્વી ઈરાનના પવિત્ર શહેર મશહદમાં જન્મેલા, મોજતબા ખામેની સ્વર્ગસ્થ સર્વોચ્ચ નેતા અલી ખામેનીના છ બાળકોમાંના એક છે.

# અદાણી યુનિ. દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવાયો

**અમદાવાદ, તા. ૧૦ :** શૈક્ષણિક અને વ્યાવસાયિક જીવનમાં મહિલાઓના યોગદાનના મહાત્મ્યને ચરિતાર્થ કરતા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ ની ઉજવણી ગિવ ટુ ગેઈન ની વૈશ્વિક થીમ પર કેન્દ્રિત એક વિશિષ્ટ કાર્યક્રમના માધ્યમથી અદાણી યુનિવર્સિટીએ ઉજવણી કરી હતી. ૮ માર્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અને કર્મચારીગણ સંવાદ, ચિંતન અને સહિયારા શિક્ષણના મનનમાં શામેલ થયા હતા. વરિષ્ઠ સ્ત્રી રોગ વિજ્ઞાની ડૉ. નીતા ઠાકરેના નેતૃત્વમાં એક ઇન્ટરેક્ટિવ આરોગ્ય અને સુખાકારી સત્રથી ઉજવણીનો આરંભ થયો હતો, જેમણે અટકાયતી આરોગ્ય સંભાળ, સ્વાસ્થ્યની ચિંતાઓ અંગે પ્રારંભિક જાગૃતિ અને મહિલાઓની સુખાકારીને આધાર આપતી રોજિંદા પ્રથાઓના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આરોગ્ય જાગૃતિ પર ખુલ્લી ચર્ચાએ ઉપસ્થિત સહુએ ભાગ લીધો હતો, જેમાં સારી રીતે વાકેફ પસંદગીઓ અને સક્રિય સંભાળના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. શિક્ષણ અને સમાવેષી તકોના મજબૂત હિમાયતી અદાણી યુનિવર્સિટીના પ્રમુખ અને અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષ ડૉ. પ્રીતિ અદાણી સાથે આ ઉજવણી પ્રસંગે થયેલી પેનલ ચર્ચાને તેમની સક્રીય ઉપસ્થિતિએ નેતૃત્વ અને હેતુ ઉપર વાતચીતને સમૃદ્ધ બનાવી હતી. તેમની સાથે વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોના સિદ્ધહસ્ત મહિલા અગ્રણીઓ જોડાયા હતા, અદાણી યુનિવર્સિટી સમાવેશકતા, નેતૃત્વ વિકાસ અને સમાન તકોને પ્રોત્સાહન આપતી પહેલોને અવિરત આગળ વધારતી રહે છે. જ્યારે વ્યક્તિઓ એકબીજાના વિકાસમાં રોકાણ કરે છે, ત્યારે તેનો સામૂહિક પ્રભાવ સંસ્થાઓને મજબૂતી બક્ષીને વધુ સમાવેશી ભવિષ્ય નિર્માણમાં ફાળો આપે છે. મહિલા દિવસની ઉજવણીએ અદાણી યુનિવર્સિટીના આ વિશ્વાસને ફરી પુષ્ટિ આપી છે.

# ગુજરાતના ઉદ્યોગોને મળતા ગેસમાં ૫૦% કાપ મુકાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર,તા.૧૦ : ગુજરાતમાં ગેસના પુરવઠાની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે.

ઘરેલુ ગેસ પુરવઠો અવિરત જળવાઈ રહે તે માટે ઉદ્યોગોને આપવામાં આવતા ગેસના વપરાશમાં ૫૦ ટકા સુધીનો કાપ મૂકવામાં આવ્યો છે. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ઇન્ડસ્ટ્રીયલ ગેસ પુરવઠામાં સીધો ૫૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ફર્ટિલાઇઝર કંપનીઓને અને દૂધની ડેરીઓમાં વપરાતા ગેસમાં પણ લગભગ ૪૦ ટકા સુધીનો કાપ લાદવામાં આવ્યો છે.

વધુમાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા એ છે કે રાજ્યના એકપણ ઘરમાં ગેસના અભાવે ચૂલો બંધ ન રહે. તેથી ગેસના પુરવઠા અને વધતી માંગ વચ્ચે સંતુલન જાળવવા માટે ઉદ્યોગ ક્ષેત્રે કાપ મૂકવાનો નિર્ણય લેવાયો છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે આ કાપ મુખ્યત્વે મોટા ઔદ્યોગિક એકમો માટે જ લાગુ કરવામાં આવ્યો છે. કોમર્શિયલ સિલિન્ડરના પુરવઠામાં હાલ કોઈપણ પ્રકારનો કાપ મુકવામાં આવ્યો નથી. ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સરકારનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના ઘરોમાં ગેસની બોટલ સમયસર પહોંચે તે સુનિશ્ચિત કરવાનો છે. ઔદ્યોગિક ક્ષેત્રે ગેસ પુરવઠામાં ઘટાડો કરીને પણ સામાન્ય નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. સામાન્ય જનતા અને નાના વ્યવસાયોને તેની અસર ન થાય તે માટે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.રાજ્ય સરકારના આ નિર્ણયથી રાજ્યના લાખો ગૃહિણીઓને મોટી રાહત મળશે. ગેસના પુરવઠામાં ખલેલ ન પડે તે માટે ઊર્જા વિભાગ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# અન્ય સમાચારો

Wednesday 11, March 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## ડાંગ જિલ્લામાં હિટવેવનો કહેર : વઘઈમાં પારો ૪૨ ડિગ્રીને પાર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૧૦ :** ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી સૂર્યનારાયણ આકરા મિજાજમાં જોવા મળી રહ્યા છે. જેના કારણે સમગ્ર પંથકમાં હિટવેવ જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. સામાન્ય રીતે કુદરતી સૌંદર્ય અને વર્ષાઋતુમાં ઠંડક માટે જાણીતો આ ડુંગરાળ પ્રદેશ અત્યારે અગનભઠ્ઠીમાં શેકાઈ રહ્યો હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. અસહ્ય ગરમી અને બફારાના કારણે ગ્રામ્ય વિસ્તારોના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગરમીનો પારો એટલી હદે ઉંચકાયો છે કે બપોરના સમયે રસ્તાઓ અને બજારોમાં જાણે સ્વયંભૂ સંચારબંધી હોય તેમ સન્નાટો છવાઈ જાય છે. લોકો ખૂબ જ અનિવાર્ય કામ હોય તો જ ઘરની બહાર નીકળવાનું સાહસ કરી રહ્યા છે. અન્યથા બપોરના સમયે ઘરોમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરી રહ્યા છે. તાપમાનના આંકડાઓ પર નજર કરીએ તો, ડાંગ જિલ્લાના વઘઈ વિસ્તારમાં ગરમીનો પ્રકોપ સૌથી વધુ જોવા મળ્યો છે, જ્યાં પારો અંદાજે ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે. આ ઉપરાંત, જિલ્લા મથક આહવામાં ૪૦ ડિગ્રી અને સુબીર વિસ્તારમાં તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ નોંધાતા જનજીવન પર તેની વ્યાપક અસર પડી છે. નવાઈની વાત તો એ છે કે, જે સાપુતારા પોતાની આહલાદક ઠંડક માટે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર રહે છે, ત્યાં પણ ગરમીની અસર પહોંચી છે. સાપુતારામાં તાપમાન ૩૮ ડિગ્રી સુધી પહોંચી જતાં ત્યાં ફરવા આવેલા પ્રવાસીઓ અને સ્થાનિક રહેવાસીઓ પણ ગરમીથી પરેશાન જોવા મળ્યા હતાં. ગરમી વધતાની સાથે જ ઠંડા પીણાં અને પાણીની માંગમાં પણ તોતિંગ વધારો નોંધાયો છે. આ આકરી ગરમીની સૌથી માઠી અસર ખેત મજૂરો, વૃદ્ધો અને નાના બાળકો પર જોવા મળી રહી છે. ખુલ્લામાં મજૂરી કરતા શ્રમિકો માટે આ હિટવેવ જીવલેણ સાબિત થઈ શકે છે. જેને પગલે આરોગ્ય વિભાગ દ્વારા ખાસ તકેદારી રાખવાની સૂચનાઓ આપવામાં આવી છે.

---

**પ્રશાસન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ**
**વન વિભાગ (વન્ય જીવ), દાદરા અને નગર હવેલી**
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
વિષય: લાયન સફારી, વસોના ખાતે બફેલો મીટનો પુરવઠો.

| | |
|---|---|
| ટેન્ડર નં. | 7-2/736-FD/WL/2023/Part-X/240 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઇન ડાઉનલોડ | 03.03.2026 18.00 વાગ્યા થી |
| ઓનલાઇન કિંમત બિડ સબમિશન | 13.03.2026 બપોરે 02.00 વાગ્યા સુધી |
| પ્રાઇસ બિડ ઓનલાઈન ઓપનિંગ | 13.03.2026 15 .00 વાગ્યા |
| ટેન્ડર આઇડી નંબર. | 2026_UTDNH_7944_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
www.dnh.gov.in , www.dnhtenders.gov.in
નાયબ વન સંરક્ષક, વન્ય જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા
**NO.: IP/DMN/2/5/2025-26/1220 DATED : 9/3/2026**

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
ROGI KALYAN SAMITI, SILVASSA
No. MS/RKS/NH/Appointment/2025/57/144
Date: 07 /03/2026
**ADVERTISEMENT**
Rogi Kalyan Samiti, Silvassa, DNH invites applications for Various Posts to be filled on Short term contract basis at NAMO Hospital Silvassa.
Last date for receiving application: 20/03/2026
For details please scan QR code
dnh.gov.in
silvassarogikalyansamiti@gmail.com
Tel: 0260 - 2642940
O/o Member Secretary (RKS), NAMO Hospital, Silvassa, DNH
**NO.: IP/DMN/2/5/2025-26/1221 DATED : 9/3/2026**

---

**U.T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
ખેતીવાડી ખાતું
જાહેર ખબર
ખરીફ-2026 સીઝન માટે ખાતરની માંગ અરજી ફોર્મ ભરવા માટે ની જાહેરાત

આથી દાદરા અને નગર હવેલી ના તમામ ખેડૂત ખાતેદારોને જણાવવાનું કે ચાલુ વર્ષે ખરીફ, ૨૦૨૬-૨૭ સીઝન માટે રાસાયણિક ખાતર (યુરિયા અને ડીએપી) વગેરે નો લાભ લેવા માંગતા હોય તેવા ખેડૂત ખાતેદારો એ તારીખ ૦૯/૦૨/૨૦૨૬ થી ૨૫/૦૩/૨૦૨૬ સુધી જે તે ગ્રામ પંચાયતમાં ગ્રામ સેવક/ગ્રામ સેવિકા પાસે જમીનના ૭/૧૨, ૮-અ ના ઉતારા, આધાર કાર્ડ, બેંક પાસ બુક ઝેરોક્ષ કોપી લઈ ફોર્મ ભરાવવાનું રહેશે.

જા.નં-ખેતી/રાસાયણિક ખાતર/૨૦૨૩/૩૧/AGRI/૨૦૨૬
વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
dnhtenders.gov.in
dd-agri-dnh@ddd.gov.in
કૃષિ વિભાગ, જિલ્લા સચિવાલય. પહેલો માળ, બી વિંગ, ડી.એન.એચ, સિલવાસા.
**NO.: IP/DMN/2/5/2025-26/1217 DATED : 10/3/2026**

---

**પ્રશાસન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ**
**વન વિભાગ (વન્ય જીવ), દાદરા અને નગર હવેલી**
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
વિષય: દાદરા અને નગર હવેલીના વન્યજીવ અભયારણ્ય વિસ્તારની અંદર હરણના ઘેરાવાળા દ્વાપડા સાતમાલિયા અને વુહારીમાં જંગલી પ્રાણીઓ માટે પશુઆહારનો પુરવઠો વન વિભાગ નાયબ વન સંરક્ષક (WL) સિલવાસા

| | |
|---|---|
| ટેન્ડર નં. | 7-2/728-FD/WL/Part-VIII/256 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઇન ડાઉનલોડ | 03.03.2026 09.00 વાગ્યા થી |
| ઓનલાઇન કિંમત બિડ સબમિશન | 13.03.2026 બપોરે 02.00 વાગ્યા સુધી |
| પ્રાઇસ બિડ ઓનલાઈન ઓપનિંગ | 13.03.2026 15 .00 વાગ્યા |
| ટેન્ડર આઇડી નંબર. | 2026_UTDNH_7946_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
www.dnh.gov.in , www.dnhtenders.gov.in
નાયબ વન સંરક્ષક, વન્ય જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા
**NO.: IP/DMN/2/5/2025-26/1218 DATED : 10/3/2026**

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
Public Works Department
**NOTICE INVITING TENDER**
Dismantling of Govt. Buildings/Structures in UT of DNH

| | |
|---|---|
| On line downloading start of tender documents | 06.03.2026 @ 17.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 13.03.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 13.03.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 13.03.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan
dnhtenders.nic.in
ee-bldg-dnh@ddd.gov.in
0260 2642350
ID.No. 2026_UTDNH_7949_1
I/c. Executive Engineer, P.W.D.,WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2025-26/152 Dtd.06/03/2026
**NO.: IP/DMN/2/5/2025-26/1216 DATED : 9/3/2026**

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
Public Works Department
**NOTICE INVITING TENDER**
Construction of Retaining wall cum compound wall for Girls Hostel at Mandoni.

| | |
|---|---|
| On line downloading start of tender documents | 06.03.2026 @ 17.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 13.03.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 13.03.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 13.03.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan
dnhtenders.nic.in
ee-bldg-dnh@ddd.gov.in
0260 2642350
ID.No. 2026_UTDNH_7948_1
I/c. Executive Engineer, P.W.D.,WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2025-26/152 Dtd.06/03/2026
**NO.: IP/DMN/2/5/2025-26/1215 DATED : 9/3/2026**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૯૨૮/૨૦૨૫

**અરજદાર : પટેલ ભાણાભાઈ મણીભાઈ,**
રહે. ઈશ્વરભાઈ ફળિયા, ગોરગામ, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ગોરગામ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ ભાણાભાઈ મણીભાઈ**, રહે.ઈશ્વર ફળિયા, ગોરગામ, તા.જી.વલસાડએ તેમના માતા **મહલીબેન મણીભાઈ પટેલનું** મરણ તા.૧૫-૦૩-૧૯૯૯ના રોજ મોજે. ગોરગામ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૯૨૮/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**
(કોર્ટનો સિક્કો)
**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૧૪૫/૨૦૨૫

**અરજદાર : ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ,**
રહે. ઈશ્વરભાઈ ફળિયા, ગોરગામ, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ગોરગામ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ**, રહે.ઈશ્વરભાઈ ફળિયા, ગોરગામ, તા.જી.વલસાડએ તેમના માતા **રામીબેન ડાહ્યાભાઈ પટેલનું** મરણ તા.૦૧-૦૧-૨૦૧૩ના રોજ મોજે. ગોરગામ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૪૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**
(કોર્ટનો સિક્કો)
**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

### ડિસ્ટ્રીકટ દમણ, સબ-ડિસ્ટ્રીકટ દમણ તાલુકાના મોજે સોમનાથ ગ્રાપંચાયતની હદમાં આવેલ રીગણવાડી ગામમાં આવેલ બિનખેતીના સર્વે નં.૬૫/૩યુ-૧, વાળી જમીનમાં બાંધવામાં આવેલ ''શ્રી હરી કોમર્શીયલ બિલ્ડીંગ'' ના નામે ઓળખાતા કોમર્શીયલ પ્રોજેક્ટ અંગે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ દમણ, સબ-ડિસ્ટ્રીકટ દમણ તાલુકાના, **મોજે સોમનાથ ગ્રાપંચાયતની હદમાં આવેલ રીગણવાડા ગામમાં** આવેલ બિનખેતીના સર્વે નં.૬૫/૩યુ-૧, જેનું ક્ષેત્રફળ ૨૫૭૨૫ ચો.મી. વાળી જમીન (૧) શ્રી અશોકકુમાર હરીભાઈ ટંડેલ તથા (૨) શ્રીમતી સોની પ્રવિણ ઉર્ફે સોની અશોક ટંડેલની સ્વતંત્ર અને સંપૂર્ણ માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા હેઠળ ચાલી આવેલ હોવાનું જણાવી, તમોએ સદરહુ જમીનમાં કોમર્શીયલ સ્વરૂપના બિલ્ડીંગ બનાવવાનું અને તે અંગેનું બાંધકામ શરૂ કરેલું. જે કોમર્શીયલ પ્રોજેકટ **''શ્રી હરી કોમર્શીયલ બિલ્ડીંગ''** ના નામે ઓળખાય છે. જે પ્રોજેકટ ગ્રાઉન્ડ અને બે માળની બિલ્ડીંગનું બાંધકામ કરવાનું છે અને કુલ્લે ૬૩ દુકાનો અને ૨૬ ગાળા આ પ્રોજેકટ લેન્ડમાં બાંધવાનું નકકી કરેલ અને સદરહું પ્રોજેકટ તમોએ મહારાષ્ટ્ર રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથીરીટી, મુંબઈ અન્વયે રજીસ્ટ્રેશન નં.P49500000043 થી નોધાંયેલ છે. સદરહું મિલકત યાને પ્રોજેકટ મારા અસીલ **વિપુલ અમૃતલાલ શાહ** નાઓને વેચાણ આપવાનું નકકી કરી તમોએ નકકી કરેલ વેચાણ અવેજ અન્વયે વેચાણ આપેલ છે. સદરહું પ્રોજેકટ વાળી મિલકત વેચાણ અંગેનો રજીસ્ટર્ડ એગ્રીમેન્ટ ફોર સેલ તા.૦૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ (૧) શ્રી અશોકકુમાર હરીભાઈ ટંડેલ તથા (૨) શ્રીમતી સોની પ્રવિણ ઉર્ફે સોની અશોક ટંડેલે મારા અસીલને કરી આપેલ છે. જે રજીસ્ટર્ડ એગ્રીમેન્ટ ફોર સેલ દમણ સબ-રજીસ્ટ્રાર કચેરીએ અનું.નં.૪૧૬ થી નોંધાયેલ છે. સદરહુ સાટાખતના આધારે સદરહુ પ્રોજેકટ/મિલકતમાં મારા અસીલનું હિત સ્થાપીત થયેલ છે.

આથી જાહેર જનતાને ખાસ જણાવવાનુંકે, સદરહુ પ્રોજેકટવાળી મિલકત અંગે મારા અસીલની પરવાનગી અને સમંતિ વગર કોઈપણ પ્રકારના વેચાણ, તબદીલીના, કબજા બાબતેના કરારો યા અન્ય કોઈપણ પ્રકારના લખાણો કરવા-કરાવવા નહીં યા સદરહુ પ્રોજેકટવાળી મિલકતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવો નહીં કે સદરહુ પ્રોજેકટવાળી મિલકત અંગે મારા અસીલની પરવાનગી સિવાય અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત સાથે વહેવાર, વહીવટ કરવો-કરાવવો નહીં કે કોઈપણ પ્રકારે લેવડ-દેવડ કરવી-કરાવવી નહીં. આમ છતાં સદરહુ પ્રોજેકટવાળી મિલકત અંગે મારા અસીલોની જાણ સંમતિ વિના અન્ય કોઈ ઈસમ સાથે કોઈપણ પ્રકારે વ્યવહાર કરવામાં આવશે તો તેઓને સદરહુ પ્રોજેકટવાળી મિલકત અંગેના કોઈપણ પ્રકારના ટાઈટલ્સ યા કોઈપણ પ્રકારનો કબજો પ્રાપ્ત થશે નહી, અને તેઓને સદરહુ પ્રોજેકટવાળી મિલકત અંગે કોઈ હકક, અધિકાર પ્રાપ્ત થશે નહીં, બલ્કે તેઓને કોર્ટ પ્રકરણોમાં સંડોવાવુ પડશે અને તેઓ સામે મારા અસીલ ફોજદારી તથા દિવાની રાહે કાર્યવાહી કરશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

**તા.૧૦/૦૩/૨૦૨૬**
**૭૦૪-૭૦૭, બી વિંગ, રિવર પેલેસ બિલ્ડીંગ,**
**બહુમાળી બીલ્ડીંગની પાસે, નાવડી ઓવારાની-બાજુમાં,નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧.**
**મો.નં. ૭૮૭૮૬-૨૦૪૦૫**
**Email : najmuddin@meghaniadvocate.com**

**નજમુદ્દીન મેઘાણી**
**તે વિપુલ અમૃતલાલ શાહના**
**એડવોકેટ**

---

### જાહેર નોટીસ

આથી સર્વે જાહેર જનતાને તથા સબંધિત વ્યક્તિઓને સૂચિત કરવામાં આવે છે કે અમારી અસીલ શ્રીમતી હસુમતીબેન નારાયણભાઈ માહ્યાવંશીની પત્ની, ઉ.વ.૫૧ વર્ષ રહે. રામવાડી મુ. ગોવાડા, તા. ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત, તેમના પિયર પક્ષની વડીલોપારજીત ખેતીની સ્થાવર મિલકત, નીચે ટેબલ મુજબ,માં કાનૂની હક્કદાર અને સહ-હિસ્સેદાર છે.

મોજે-ગોવાડા - તા.ઉમરગામ જી.વલસાડ ગુજરાતવાળી ખેતીની જમીન
(હસુમતીબેન નારાયણભાઈ માહ્યાવંશી)

| જુનો સર્વે નં. | નવો સર્વે નં. | ખાતા નં. | ક્ષેત્રફળ |
|---|---|---|---|
| ૧૫૦/૨/પૈકી ૧ | ૯૨૩ | ૧૩૧ | ૨-૪૭-૮૫ |
| ૧૩/૧/પૈકી ૫ | ૯૫૭ | ૧૩૧ | ૦-૧૧-૨૩ |
| ૧૫૦/૨/પૈકી ૧ | ૯૯૭ | ૧૩૧ | ૧-૧૩-૬૩ |

આ ઉપર દર્શાવેલ મિલકતમાં અમારી અસીલનો કાયદેસર વારસા હક્ક અને હિસ્સો આજદિન સુધી આપવામાં આવેલ નથી. છતાં જો કોઈ વ્યક્તિએ અમારી અસીલના કાનૂની હક્કને અવગણીને ઉપરોક્ત મિલકતનો કોઈપણ પ્રકારનો વેચાણ, કરાર, બક્ષિસ, હસ્તાંતરણ, ગીરવે મુકાણ અથવા અન્ય વ્યવહાર કર્યો હોય અથવા ભવિષ્યમાં કરવાનો પ્રયત્ન કરશે, તો તેવો વ્યવહાર અમારી અસીલના હક્ક સામે શૂન્ય, રદબાતલ અને અમાન્ય ગણાશે.
આથી કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેંક, નાણાકીય સંસ્થા અથવા ખરીદનારને કડક ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત સર્વે નં. ૯૨૩, ૯૫૭ અને ૯૯૭ સબંધિત કોઈપણ વ્યવહાર કરતા પૂર્વે સંપૂર્ણ ટાઈટલ ક્લિયરન્સ, હક્ક-હિસ્સાની કાનૂની ચકાસણી અને અમારી અસીલની લેખિત સંમતિ લીધા વગર કોઈપણ વ્યવહાર ન કરે. અન્યથા થતા નુકસાન, વાદ-વિવાદ અથવા કાનૂની કાર્યવાહી માટે સબંધિત વ્યક્તિ પોતે સંપૂર્ણપણે જવાબદાર રહેશે.
વિરોધ અથવા દાવો હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ (પંદર) દિવસની અંદર લેખિતમાં નીચે સહી કરનાર વકીલનો સંપર્ક કરવો. ત્યારબાદ કોઈ દાવો માન્ય ગણવામાં આવશે નહી.

**સ્થળ - વાપી**
તા.૧૦/૦૩/૨૦૨૬
**સહી/-**
**અસીલની સહી**
**શ્રીમતી હસુમતીબેન નારાયણભાઈ માહ્યાવંશી**
**તે સ્વ. સુરેશભાઈ માહ્યાવંશીની પત્ની**
**સહી/- એડવોકેટ સાગર ડી. મિસ્ત્રી**
**ઓફીસ નં. જી-૧૨૦ સિટિ લિન્ક બિલ્ડીંગ- માનસી હોટેલ, વાપી રેલ્વે સ્ટેશન નજીક વાપી પૂર્વ તા.વાપી, જી.વલસાડ, ગુજરાત ૩૯૬૧૯૧**
**મો. નં. ૯૯૭૪૧૪૪૨૯૮**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૧૩/૨૦૨૬

**અરજદાર : દુમાડા ધનજીભાઈ કેશવભાઈ**
**ઉ.વ.આ.૭૪, ધંધો-ખેત મજુર, રહે.** દુમાડા ફળિયું, સરઈ, તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત - ૩૯૬ ૧૩૦ **(વ.શ્રી. સી.આર. દુબળા)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સરઈ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દુમાડા ધનજીભાઈ કેશવભાઈ** રહે. દુમાડા ફળિયું, સરઈ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના મોટાભાઈ **નાનાભાઈ કેશવભાઈ દુમાડાનું** મરણ તા.૦૧-૦૫-૧૯૮૦ના રોજ મોજે - દુમાડા ફળિયું, સરઈ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૧૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
(કોર્ટનો સિક્કો)
**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૫૭/૨૦૨૪

**અરજદાર : નવીનભાઈ રામુભાઈ સોરઠી**
**રહે.** કલગામ, સોરઠવાડ,
તા.ઉમરગામ, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નવીનભાઈ રામુભાઈ સોરઠી** રહે. કલગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા નામે **તુરસી રામુ સોરઠીનું** જન્મ/મરણ તા.૧૦-૦૩-૨૦૧૪ના રોજ મોજે - કલગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૫૮/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
(કોર્ટનો સિક્કો)
**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૫૮/૨૦૨૪

**અરજદાર : નવીનભાઈ રામુભાઈ સોરઠી**
**રહે.** કલગામ, સોરઠવાડ,
તા.ઉમરગામ, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નવીનભાઈ રામુભાઈ સોરઠી** રહે. કલગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી નામે **લક્ષ્મીબેન ભગવાન સોરઠીનું** જન્મ/મરણ તા.૦૬-૦૪-૨૦૧૦ના રોજ મોજે - કલગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૫૮/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
(કોર્ટનો સિક્કો)
**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૬૩/૨૦૨૬

**અરજદાર : જશવંતકુમાર નારણભાઈ શુકલે**
**રહે.** માંગેલી શેરી, ફણસા,
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ટી.ડી. ટંડેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ફણસા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશવંતકુમાર નારણભાઈ શુકલે** રહે. માંગેલી શેરી, ફણસા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી નામે **શુકલે હેમાંગીબેન જશવંતભાઈનો** જન્મ તા.૧૭-૦૭-૧૯૯૬ના રોજ મોજે - ફણસા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૬૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
(કોર્ટનો સિક્કો)
**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---





**ટેરેસ ગળે છે ??**
**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**
**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**

**દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ**
**શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-**
The Complete Man Raymond · dinesh SUITING · Siyaram's SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVAN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon
**LORDS MEN'S WEAR**
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
**Septic Tank Cleaner**
**ખાળ કુવાની સફાઈ**
**खार कुवे की सफाई**

**TANKER CAPACITY 8000 LITER**
**WATER JETTING, AIR BLOWING, VACUUMING**
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
**Contact: 99046 44348, 98247 28200**



**દમણગંગા ટાઈમ્સ**
**ડીસ્કલેમર/ સ્પષ્ટતા**
વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપક

Wednesday 11, March 2026

# દમણગંગા ટાઇમ્સ

# ધરમપુરના ધારાસભ્યને વર્લ્ડ કપ ફાઈનલની બે ટીકીટ સુધ્ધાં ન મળી!

**ઓનલાઈન વ્યવસ્થાને કારણે ટીકીટ ન મેળવી શકયાની ધારાસભ્યની ગૃહમાં રજુઆત : કોંગ્રેસે આકરી ટીકા કરી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** ગુજરાત ભાજપ પ્રદેશ ઉપપ્રમુખ અને ધરમપુર વિધાનસભા બેઠકના ધારાસભ્યને વર્લ્ડ કપની ફાઈનલ મેચની ટિકિટ ન મળવાના મુદ્દે ગુજરાત વિધાનસભામાં વાત કરવા જતાં એ બાબત ચર્ચાનો વિષય બની છે. ગુજરાત વિધાનસભાના ચાલુ સત્ર દરમિયાન આજે એક અનોખો અને ચર્ચાસ્પદ કિસ્સો જોવા મળ્યો હતો. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રમાયેલી આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડકપ-૨૦૨૬ની ફાઈનલ મેચની માત્ર બે ટિકિટો તેઓ ભાજપના ધારાસભ્ય હોવા છતાં ન મળવા મામલે ગૃહમાં જાહેર જણાવ્યું હતુ કે મેચ જોવા માટે ઓનલાઈન બુકીંગની વ્યવસ્થાને કારણે તેમને છેલ્લી ઘડીએ ટીકીટ મળી શકી ન હતી. તેમણે રમુજમાં એવી ટીપ્પણી પણ કરી હતી કે રમત-ગમત મંત્રી પણ ટિકિટની વ્યવસ્થા શકયા ન હતાં. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની આ વાત બાદ એના રાજકીય પ્રત્યાઘાત પણ સર્જાયા હતાં

અને કોંગ્રેસના સુત્રોએ મેચની ટીકીટ ન મળવા જેવો મુદ્દો ગૃહમાં ઉપસ્થિત કરવાની જગ્યાએ પોતાના મત વિસ્તારમાં વિકાસના કામો અને જરુરીયાતો અંગેના મુદ્દા ઉપસ્થિત કરવા જોઈએ એવી ટીકા કરી હતી.

# સોનવાડા હાઈવે પર બસ - ટ્રક અકસ્માત : ૬ ઘાયલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ પરના સોનવાડા ગામે હાઈવે પર બસ પસાર થતી વખતે સામેથી આવતી ટ્રકનું ટાયર ફાટતા સામે આવતી એસટી બસમાં ધડાકાભેર અથડાઈ હતી. આ દુર્ઘટનામાં બસના ડ્રાઈવરની સમયસૂચકતાને કારણે મોટી જાનહાનિ ટળી છે.

વલસાડ જિલ્લામાંથી નેશનલ હાઈવે નંબર ૪૮ પસાર થાય છે ત્યારે ગઈકાલે રાત્રે વલસાડના સોનવાડા નેશનલ હાઈવે ૪૮ પરથી પસાર થઈ રહેલી એક ટ્રકનું અચાનક ટાયર



ફાટ્યું હતું. ટાયર ફાટતાની સાથે જ ટ્રક ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ટ્રક ડિવાઈડર કૂદીને સામેની લેનમાં ઘૂસી ગઈ હતી. આ જ સમયે સામેથી આવી રહેલી બસ સાથે ટ્રકની જોરદાર ટક્કર થઈ હતી. બસમાં ૪૦ થી વધુ મુસાફરો સવાર હતા.

ટ્રકને સામે આવતી જોઈ બસ ચાલકે ત્વરિત બ્રેક મારી સતર્કતા દાખવતા તમામ મુસાફરોનો જીવ બચી ગયો હતો. અકસ્માતમાં ૬ થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને ક્રેન દ્વારા અકસ્માતગ્રસ્ત વાહનોને હટાવી હાઈવે ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# વાઘલધરામાં વીજકર્મીનું વીજપોલ પર કરંટ લાગતાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ તાલુકાના વાઘલધરાગામે વીજ રીપેરીંગ કરવા માટે થાંભલા પર ચઢેલા સોનવાડાગામના ૩૮ વર્ષીય કર્મચારીને લાઈન રીપેરીંગ કરતી વખતે અચાનક વીજ કરંટ લાગતા જમીન પર પટકાયેલા વીજ કર્મચારીનો ઘટના સ્થળે મોત નીપજતા વીજ કર્મચારીઓમાં શોકની કાલીમાં ફેલાઈ ગઈ છે.

વલસાડ તાલુકાના સોનવાડા ગામે રહેતો જતીનકુમાર ઠાકોરભાઈ પટેલ ઉંમર વર્ષ ૩૮ જેવો વીજ કંપનીમાં કામ કરે છે. જતીન પટેલ વલસાડના વાઘલધરાગામના વારી ફળિયામાં જતીનકુમાર પી.એસ. સી.પોલ પર આશરે ૧૦ ફૂટની ઊંચાઈએ ચડીને ડી.ઓ. જમ્પર બાંધવાની કામગીરી કરી રહ્યા હતા. વીજ થાંભલા પર ચડી રીપેરીંગ કામ કરી રહ્યો હતો. તે દરમિયાન અચાનક વીજ કરંટ લાગતા તે જમીન પર પટકાતા તેનો ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતા વીજ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

વીજ કર્મચારી જતીનકુમારના અવસાનથી સોનવાડા ગામ અને તેમના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

તેમના લગ્ન વર્ષ ૨૦૨૪માં જ થયા હતા અને તેઓ એક બાળક તથા પત્નીને વિલાપ કરતા છોડી ગયા છે.

# અતુલમાં રખડતા શ્વાનને બચાવવા જતાં જાનથી મારી નાખવાની ધમકી !

**શ્વાન પર ધારદાર હથિયારથી હુમલા બાબતે ઠપકો આપવા જતાં મહિલાને પરિવાર સહિત પતાવી દેવાની ધમકી આપતાં ૪ સામે ફરિયાદ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** અતુલ ફર્સ્ટ ગેટ વિસ્તારમાં રખડતા શ્વાન પર ધારદાર હથિયારથી હુમલો કરવા બાબતે પાડોશીને ઠપકો આપવા ગયેલી વિસ્તારની એક મહિલા અને તેના પરિવારને જીવથી મારી નાખવાની અને ઘર ખાલી કરાવી દેવાની ધમકી આપતાં મહિલાએ વિસ્તારમાં રહેતા ચાર ઈસમો વિરુદ્ધ વલસાડ રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અતુલ ફર્સ્ટગેટ રાઈ ભાઈની ચાલમાં મંજુબેન ધર્મેશભાઈ બિંદ્રા ઉંમર વર્ષ.૪૦ રહે છે.

ગઈકાલે તા. ૦૯/ ૦૩/ ૨૦૨૬ ના સવારે ૬ : ૪૫ કલાકે રસોઈ બનાવતી હતી તે દરમિયાન પાડોશમાં રહેતા ઈરફાન શેખે કાસીફ ઈરફાન શેખના હાથમાંથી ધારદાર હથિયાર ઝૂંટવી લઈ ત્યાં રખડતા નિર્દોષ શ્વાન



પર હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં શ્વાન જીવ બચાવવા મંજુબેનની કાર નીચે ભરાઈ ગયું હતું. મંજુબેને ઈસમોને રોકતા તેઓ ઉશ્કેરાઈ જઈ ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી કે 'તું બહાર નીકળ તને પણ મારશું. જો કુતરાની કોઈ પણ દવા કરશો તો તમને જાનથી મારી નાખીશું અને જો પોલીસ ફરિયાદ કરશો તો બીજા દિવસે ઘરમાં ઘૂસીને મારીશું' એટલું જ નહીં, આરોપીઓએ પરિવારને ઘર ખાલી કરાવી દેવા ધમકી આપી હતી. ડરી ગઈને મહિલાએ તાત્કાલિક ૧૮૧ મહિલા હેલ્પલાઈન નંબર પર ફોન કરી મદદની માંગ કરતા મામલો વલસાડ રૂરલ પોલીસ મથકમાં ગયો હતો.

મંજુબેને પાડોશી આરોપી એવા ઈરફાન શેખ, નૂરી ઈરફાન શેખ, આતિક ઈરફાન શેખ, અને કાશીફ ઈરફાન શેખ તમામ રહે. અતુલ ફસ્ટ ગેટ અહમદી મસ્જિદની પાછળ તા.જી. વલસાડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ કરી છે.

# નનકવાડામાં ઝટકા મશીનથી કરંટ લાગતાં ભેંસનું મોત અને ખેડૂતને વીજચોરીનો દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડના નનકવાડાગામે આવેલ ખારીયા ફળિયામાં વીજ ચોરી કરનાર સામે ઝટકા મશીનમાં વીજ કરંટ પાસ થતા બે દિવસમાં બે ભેસના મોત થવાની ઘટના બનતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો છે. જોકે વિજ કર્મચારીએ તપાસ કરતા ચોરી કરનારને રૂા. ૨૦ હજાર થી વધુ નો દંડ ફટકાર્યો હોવાનું જાણવા મળ્યું છે.

શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોથી વીજ લાઈન ખુલ્લા થાંભલા પર નાખવામાં આવતા હતા જેના કારણે વીજ ચોરી મોટા પ્રમાણમાં થતી હતી આ વીજ ચોરીને રોકવા માટે વીજ કંપની દ્વારા અવારનવાર ચેકિંગ અને છાપો મારવામાં આવતો હોય અને લાખો રૂપિયાનો દંડ પણ ઓછુ લાભ કરવામાં આવે છે. પરંતુ આવી જ ચોરો ચોરી કરવામાં પાછળ પડતા નથી. ખુલ્લા વાયર વરસાદમાં વાવાઝોડા થી તેમજ થાંભલા પડવાની ઘટનાથી અકસ્માતો થવાતા હોય છે તો તેમાં કેટલાક મૂંગા પશુઓ કે મનુષ્યના જીવ પણ જતા હોય છે. લોકોનું જીવન સાથે કોઈ અણ બનાવ ન બને તેમજ વીજ ચોરીને અટકાવવા માટે ફરીવાર સરકાર દ્વારા દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કેબલ વાયર નાખવામાં આવી રહ્યો છે. ત્યારે વલસાડ શહેર નજીક ના નનકવાડા ગામ ના ખારીયા ફળિયામાં રહેતા ચેતનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ નામના વ્યક્તિએ પોતાની વાડીમાં સિંચાઈ નું પાણીની મોટર ચલાવવાના હેતુથી વીજ થાંભલા લંગર નાખી વીજ ચોરી કરતો હતો. જોકે ખુલ્લા અને જોખમી વાયર જમીન પરથી લઈ જતા આજરોજ સવારે ત્યાંથી પસાર થઈ રહેલી એક ભેંસ ખુલ્લા વાયરના સંપર્કમાં આવતા ભેંસ ને વીજ કરંટ લાગતાં તેનું મોત નીપજવાની ઘટના બની હતી. જોકે છેલ્લા બે દિવસમાં વીજ કરંટથી બે ભેસના મોત થવાની ઘટના બનતા ગ્રામજનોમાં વીજ ચોર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભેંસને વીજ કરંટ લાગવાની ઘટના અંગે સ્થાનિકોએ જે અંગેની જાણ દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ (DGVCL/GEB) ને કરતા ઘટના સ્થળે તાત્કાલિક વીજ કર્મચારીઓ દોડી ગયા હતા અને તપાસ દરમિયાન જોયું તો ગામનો ચેતન વિઠ્ઠલ પટેલે લંગર નાખી વીજ ચોરી કરતો હોવાનું અંગે હાથે પકડાઈ ગયો હતો.

જોકે વીજ ચોરી કરનાર ચેતન પટેલ સામે વીજ કંપનીએ આશરે ૨૦ હજારથી વધુનો દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી કરતાં ગામમાં ચકચાર મચી જવા પામી છે.

Samarpan Gnyan School
CBSE Affiliation No. 430282
Plot No. 408, Rata, Near Rata Gram Panchayat, Salvav- Rata Road, Via - Chhiri, Vapi (East), Gujarat - 396 191
"ACADEMICS / CO-CURRICULAR / ADMINISTRATION"
HIRING TEACHERS
• Pre-School (Mother Teacher) : Graduation with ECE
• TGT : Hindi, Maths, Social Science, Science
Qualification: Graduation with B.Ed.
• PGT : English, Maths, Biology, Physical Education, Physics, Accountancy, Economics, Business Studies
Qualification : P.G. with B.Ed. / M.Ed, and M.P.Ed
• Counselor / Wellness Teacher
• Drawing Teacher / Nurse / Dance Teacher
Skating / Karate / Music
• Duly filled-in application may be sent to school.
Freshers can also apply.
Email : principal.samarpan@gmail.com
Contact No.: 9316755972 / 7984913222

**અવસાન નોંધ / બેસણું**



**સ્વ. મંદાકિની કિશોરકુમાર કાપડિયા**

સ્વ.તા. 06-03-2026


અતિ દિલગીરી સાથે જણાવવાનું કે અમારા ધર્મપત્ની/માતૃશ્રી મંદાકિની કિશોરકુમાર કાપડિયા (ઉ.વ. 58) નું તા. 06-03-2026 શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રભુ પ્રાર્થના.

સદ્દગતનું બેસણું : તા. 12-03-2026 ને ગુરુવાર સમય 3:00 થી 6:00 કલાકે

સ્થળ :- ઈચ્છા બા અનાવિલ વાડી, વલસાડ

—લિ.—

લિ. કિશોરકુમાર ભોગીલાલ કાપડિયા
તથા સમસ્ત પરિવાર
મો. નં. 9825806015, 9860961707




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**